ગુજરાત સમાચાર
20 નવેમ્બર 2026, શુક્રવાર
ચિત્રલોક

ક્વૉલિટી અગત્યની, ક્વૉન્ટિટી નહીંઃ શ્રદ્ધા કપૂર

‘હું કોઈપણ ફિલ્મને મહિલાપ્રધાન કે પુરુષપ્રધાનનું લેબલ લગાડવાનું પસંદ નથી કરતી. મારા મતે ફિલ્મોદ્યોગને સારી કહાણીઓની જરૂર છે. વળી, પ્રત્યેક ફિલ્મની સફળતા કે નિષ્ફળતા પાછળ કલાકાર-કસબીઓની સમગ્ર ટુકડીનો હાથ હોય છે, માત્ર પડદા પર દેખાતા તેના મુખ્ય કલાકારો જ નહીં.’

બોક્સ ઓફિસના આંકડા જ જ્યારે ફિલ્મોની સફળતા કે નિષ્ફળતાના માપદંડ બની ગયા છે ત્યારે ગણતરીના કલાકારો ફિલ્મની કમાણી કરતાં કહાણીને વધુ મહત્વ આપે છે. તેઓ ક્વૉન્ટિટી નહીં, ક્વૉલિટી વર્કમાં માને છે. આવા કલાકારોમાંની એક એટલે અભિનેત્રી શ્રદ્ધા કપૂર. કદાચ આ કારણે જ તે કોઈપણ ફિલ્મ સાઇન કરવામાં જરાય ઉતાવળ નથી કરતી. અભિનેત્રીને સારી સ્ક્રીપ્ટની રાહ જોવામાં જરાય વાંધો નથી, ભલે તેની એક ફિલ્મ બે વર્ષે કેમ ન આવે. નજીકના ભવિષ્યમાં રજૂ થનારી શ્રદ્ધાની વધુ એક ફિલ્મ ‘ઇઠા’ અદાકારાની આ વિચારસરણીનું ઉદાહરણ બની રહેશે.

‘સ્ત્રી’, ‘સ્ત્રી-૨’ જેવી ફિલ્મોથી દર્શકોના મનમાં ખાસ સ્થાન પામનાર શ્રદ્ધા કહે છે કે તે ફિલ્મ પસંદ કરતી વખતે તેની બોક્સ ઓફિસની સફળતાનો વિચાર નથી કરતી. તેની મૂવી રજૂ થયા પછી પણ તેને એમ નથી લાગતું કે તેણે કોઈ રેકોર્ડ તોડ્યો કે બનાવ્યો છે. તે સ્ક્રીપ્ટ વાંચ્યા પછી એમ વિચારે છે કે દર્શકોને ફિલ્મની કહાણી ગમશે કે કેમ. તેને કારણે ક્યારેક બે વર્ષમાં તેની એક જ ફિલ્મ આવી હોય એવું પણ બન્યું છે.

શ્રદ્ધા કહે છે, ‘હું કોઈપણ સિનેમાને મહિલા કે પુરુષ પ્રધાનનું લેબલ લગાડવાનું પસંદ નથી કરતી. મારા મતે ફિલ્મોદ્યોગને સારી કહાણીઓની જરૂર છે. વળી પ્રત્યેક ફિલ્મની સફળતા કે નિષ્ફળતા પાછળ કલાકાર- કસબીઓની સમગ્ર ટુકડીનો હાથ હોય છે, પડદા પર દેખાતા તેના મુખ્ય કલાકારો માત્ર નહીં.’

‘ઇઠા’માં લાવણી કલાકાર વિઠાબાઈ નાયારણગાંવકરની જીવની દર્શાવવામાં આવશે. વર્ષ ૧૯૩૫ની પહેલી જુલાઈએ જન્મેલી વિઠાબાઈનો જીવન સંઘર્ષ ખેલવા-ખાવાની વયમાં જ શરૂ થઈ ગયો હતો. તેનો નૃત્ય-ગીત અને કહાણી સંભળાવવાનો અંદાજ દૂરસુદૂરના લોકોમાં પણ પ્રિય થઈ પડ્યો હતો. તેનું લોકનૃત્ય નિહાળવા લોકો દૂર દૂરથી આવતાં. પોતાની આ લોકનૃત્ય કળા માટે ગજબની ખ્યાતિ મેળવનાર વિઠાબાઈને લોકો ‘તમાશા સામ્રાજ્ઞી’ તરીકે ઓળખતા. પોતાની કળા થકી આગવી ઓળખ ઉભી કરનાર વિઠાબાઈને રાષ્ટ્રપતિ પુરસ્કારથી પણ નવાજવામાં આવી હતી. કળા પ્રત્યે સમર્પિત વિઠાબાઈના જીવનસંઘર્ષને ધ્યાનમાં લઈને મહારાષ્ટ્ર સરકારે વર્ષ ૨૦૦૬માં તેમના નામે વિઠાબાઈ નારાયણગાંવકર લાઇફ ટાઇમ અચીવમેન્ટ એવોર્ડ શરૂ કર્યું હતું. વિઠાબાઈ ૬૬ વર્ષની ઉંમરે વર્ષ ૨૦૦૨ની ૧૫મી જાન્યુઆરીએ કાળધર્મ પામ્યાં હતાં.

શ્રદ્ધા કહે છે, ‘આ ફિલ્મની કહાણી મહારાષ્ટ્રના લોક કલાકારોના અદમ્ય સંઘર્ષ, સખત પરિશ્રમ અને મનોબળને રજૂ કરે છે. થોડા દિવસ પહેલા આ સિનેમાનું ટ્રેલર લોંચ થયું ત્યારે હું મારી નાનીને સંભારીને ભાવુક થઈ ગઈ હતી. મારી મમ્મી મહારાષ્ટ્રીયન છે. મારા નાની મને મહારાષ્ટ્રીયન કિરદારમાં જોઈને કેટલા રાજી થાત! વળી, આ પાત્ર તો પુરાણી પરંપરાઓને તોડીને, અનેક મુશ્કેલીઓનો સામનો કરીને અને દરેક અડચણને પાર કરીને ઇતિહાસમાં અમીટ છાપ છોડનાર લોક કલાકારનું છે.’

અહીં એ વાતની નોંધ પણ લેવી રહી કે આ સિનેમાના શૂટિંગ દરમિયાન એક ડાન્સ સીકવન્સ ફિલ્માવતી વખતે શ્રદ્ધાના પગના સ્નાયુઓ ફાટી ગયા હતા. સાથે તેની આંગળીમાં પણ ફ્રેક્ચર થયું હતું. આ કિરદાર માટે અભિનેત્રીએ ૧૫ કિલો જેટલું વજન વધાર્યું હતું. તેને શૂટિંગ દરમિયાન ભારેખમ અલંકારો અને નવવારી સાડી પહેરવી પડતી. કદાચ આ કારણે જ તેણે સંતુલન ગુમાવ્યું હતું અને ડાબા પગ પર સમગ્ર શરીરનું વજન આવી જતાં તેના પગના સ્નાયુઓ ફાટી ગયાં અને આંગળી ફ્રેક્ચર થઈ ગઈ. છેવટે ફિલ્મનું શૂટિંગ બે મહિના સુધી અટકાવવાની નોબત આવી હતી.

આ ફિલ્મે ઓડિયન્સની ઉત્સુકતા વધારી દીધી છે. જો બધું સમુસૂતરું પાર પડ્યું તો આ ફિલ્મ કેવળ શ્રદ્ધાના સમગ્ર કરીઅરની સૌથી મહત્ત્વની ફિલ્મ બની જશે.

ટચવુડ! ■



એક ખૂબસૂરત ફૂલને ઐશ્વર્યા રાયનું નામ આપવામાં આવ્યું છે, જાણો છો?

હિન્દી કે ભારતની કોઈ અભિનેત્રીને આવું ઉજળું આંતરરાષ્ટ્રીય સન્માન નથી મળ્યું



ઐશ્વર્યા રાય બચ્ચન. રૂપરૂપનો અંબાર. હિન્દી ફિલ્મ જગતની સ્વરૂપ સુંદરી. વિશ્વ સુંદરી. સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના પ્રતિષ્ઠિત પરિવારના પુત્ર અભિષેક બચ્ચનની ધર્મપત્ની. ભારતની બેહદ લોકપ્રિય અભિનેત્રી. હિન્દી ફિલ્મ જગતમાં ઐશ્વર્યા રાય ‘એશ’ નામે જાણીતી છે.

એશને યાદ કરવાનું કારણ એ છે કે થોડા દિવસો પહેલાં જ, ૧૧, નવેમ્બર, આ રૂપકડી અભિનેત્રીનો જન્મ દિવસ ગયો. ૫૩ વર્ષ પૂરાં કરીને એ ૫૪મા વર્ષમાં પ્રવેશેલી ઐશ્વર્યા રાયની કારકિર્દીમાં છ એવા પ્રસંગો બન્યા છે જે એના જીવનની હાઇલાઇટ બની રહ્યા. સાંભળો...

- ઐશ્વર્યા રાય ૧૯૯૪માં મિસ વર્લ્ડ બની ત્યારબાદ તેનું નામ ભારત સહિત સમગ્ર વિશ્વમાં ચમકી ગયું. એણે ૨૦૦૫માં નેધરલેન્ડ્સની મુલાકાત લીધી ત્યારે ત્યાંની સરકારે હાઇબ્રીડ તુલીપ પ્રજાતિના ફૂલને ઐશ્વર્યા નામ આપ્યું. હિન્દી ફિલ્મ જગતનાં કોઈ અભિનેત્રીને કે અભિનેતાને આવું આંતરરાષ્ટ્રીય સન્માન નથી મળ્યું.
- અમેરિકાના વિખ્યાત ઓપ્રા વિન્ફ્રે ચેટ શોનું આમંત્રણ પ્રાપ્ત કરનારી એશ ફક્ત ભારતીય જ નહીં પણ આખા દક્ષિણ એશિયાની પહેલી ફિલ્મ અભિનેત્રી છે. પહેલી વાર ૨૦૦૫માંસ પછી ૨૦૦૯માં. ફરીથી આમંત્રણ મળ્યું ત્યારે એ તેના અભિનેતા પતિ અભિષેક બચ્ચનને પણ સાથે લઇ ગઈ હતી.
- ભરત નાટ્યમ અને હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસર તાલીમ પામેલી ઐશ્વર્યા રાયે હિન્દી ફિલ્મ જગતના સુપરસ્ટાર શાહરૂખ ખાન સાથે ‘જોશ’ (૨૦૦૦), ‘મોહબ્બતેં’ (૨૦૦૦) , ‘દેવદાસ’ (૨૦૦૨) એમ ત્રણ ફિલ્મમાં કામ કર્યું છે. ‘જોશ’ ફિલ્મમાં ઐશ્વર્યા રાયે શાહરૂખની બહેનનું પાત્ર ભજવ્યું છે. જ્યારે બાકીની બે ફિલ્મમાં ઐશ્વર્યા શાહરૂખ ખાનની પ્રેમિકા બની હતી. બોલિવુડની કોઈ અભિનેત્રીએ કોઈ એક એક્ટર સાથે આવી વિશિષ્ટ પ્રકારની અદાકારી નથી કરી.
- ઐશ્વર્યા રાયને ઇન્ગ્લેન્ડનાં મહાન મહિલા નવલકથાકાર જીન ઓસ્ટીનની બે નવલકથા પરથી બનેલી ભારતીય ફિલ્મમાં અભિનય કરવાની યાદગાર તક મેળી છે. જીન ઓસ્ટીનની નવલકથા ‘સેન્સ એન્ડ સેન્સિબિલીટી’ (૧૮૧૧) પરથી બનેલી તમિળ ફિલ્મ ‘કન્દુકોઇન્ડોઇન કન્દુકોઇન્ડોઇન’માં પ્રતિભાવાન અભિનેત્રી તબુ સાથે ઐશ્વર્યા રાયે મીનુનું પાત્ર ભજવ્યું છે. આ જ રીતે જીન ઓસ્ટીનની બીજી નવલકથા ‘પ્રાઇડ એન્ડ પ્રેજ્યુડીસ’(૧૮૧૩) પરથી બનેલી આ જ ટાઇટલ ધરાવતી ફિલ્મમાં પણ ઐશ્વર્યા રાયે લલીતા બક્ષીની મજેદાર ભૂમિકા ભજવી છે.
- ઐશ્વર્યાને હોલિવુડની ક્વીન ગણાતી મેરીલ સ્ટ્રીપ સાથે ‘કેઓસ’ ફિલ્મ સાઇન કરવાની તક મળી હતી. જોકે કમનસીબે આ ફિલ્મ ન બની શકી. એશને બ્રાડ પીટ સાથે ‘મિ. એન્ડ મિસિસ સ્મિથ’(૨૦૦૫)માં અભિનય કરવાનું આમંત્રણ મળ્યું હતું, પણ ઐશ્વર્યાએ ના કહી દીધી હતી, કારણ કે તે ફિલ્મમાં એકાધિક અતિ ઉત્તેજક અને ચુંબનના દ્રશ્ય હતાં. ■

રશ્મિકા અને વિજયઃ બોલો, પણ સંભાળીને...

કરણ જોહર અને વિવાદને સગા મસિયાઇ ભાઇ જેવો સંબંધ છે. એના શો ‘કોફી વિથ કરણ’માં જે કોઇ સેલિબ્રિટી જાય છે એ વિવાદનું ભાથું લીધા વિના પાછી ફરતી નથી. તાજો દાખલો નવદંપત્તિ વિજય દેવરકોન્ડા અને રશ્મિકા મંદાનાનો છે. સાઉથના સુપરસ્ટાર વિજય દેવરકોન્ડાએ તાજેતરમાં ‘ કોફી વિથ કરણ ૯’માં એવી ફિસીયારી મારી કે મેરેજ માટે સંમત થયા પહેલા મેં રશ્મિકાને ૧૦૦ વાર લગ્ન કરવા માટે પ્રપોઝ કર્યું હતું. સોશ્યલ મિડીયા પર ટ્રોલ્સનો જ્વાળામુખી ફાટવા માટે આટલું પૂરતું હતું. નેટીઝન્સે એની તીવ્ર પ્રતિક્રિયામાં એક્ટરને ‘નાર્સિસ્ટિક’ (સ્વ-પ્રેમમાં રાચનાર) વ્યક્તિનું લેબલ ચોંટાડી દીધું. કેટલાકે તો વિજય પર પોતાની પ્રેમિકાની સદંતર ઉપેક્ષા કરવાનો આક્ષેપ પણ કર્યો. વાત એટલી બધી વધી ગઇ કે વિજય અને રશ્મિકાએ સોશ્યલ મીડિયા પર પોતાના લગ્ન સંબંધી ટીકાનો સણસણતો જવાબ આપવા ઇન્સ્ટાગ્રામનો સહારો લેવો પડયો.

વિજય દેવરકાન્ડાએ પોતાને ‘રેડ ફ્લેગ’ (ખુન્સ, જોખમી વ્યક્તિ)નું વિશેષણ આપનાર ટ્રોલ્સ પર વળતો પ્રહાર કરતા પોતાની પોસ્ટમાં કહ્યું કે, ‘હું અને મારી પત્ની રશ્મિકા મંદાના એકબીજા સાથે બહુ ખુશ છીએ. રશ્મિકા મારી બેસ્ટ ફ્રેન્ડ અને વાઇફ છે. અમે બંને બહુ આનંદમાં છીએ. આખી દુનિયા અમારા બંનેની સામે થઇ જાય તો પણ અમને એની પરવા નથી.’

રશ્મિકાએ ‘નારીવાદ’ના અંચબા હેઠળ પોતાને ડરાવનાર, ધમકાવનાર ઉશ્કેરાયેલા ટોળાની બરાબરની ખબર લઇ નાખતા ઇન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ મૂકી. એણે લખ્યું, ‘હા, હું મારા હસબન્ડ પાછળ ગાંડી છું. એ ખરાબ વાત ક્યારથી થઇ ગઇ? હું જેની સાથે મેરેજ કરવાની હોઉ એના પ્રેમમાં ન હોઉં તો એને પરણું જ શા માટે? વિજય મારો જીવનભરનો સાથી છે. મારા સુખ દુખમાં મારી પડખે ઉભો રહેનાર મિત્ર છે. મારા બાળકોનો પિતા છે. એના સંગાથમાં જ હું ઘરડી થઇશ. તમે એને પરણી ગયા બાદ પણ જે તમને આટલો બધો પ્રેમ કરી શકે એવો પુરુષ મળી જાય ત્યારે તમને એને ફરી ફરી એવું કહેવાનું મન થાય કે ચાલ, આપણે મેરેજ કરી લઇએ. હું વિજયને ૧૦૦ વાર શા માટે હજાર વખત કહીશ કે લેટ અસ ગેટ મેરિડ. આટલી સિમ્પલ વાત છે.’

વાત તો સાચી. ■

‘હા, હું મારા હસબન્ડ પાછળ પાગલ છું. એમાં શું ખોટું છે? હું જેની સાથે મેરેજ કરવાની હોઉ એના પ્રેમમાં ન હોઉં તો એને પરણું જ શા માટે?’





જેક લોડેન

નવા જેમ્સ બોન્ડ બનવાની રેસમાં સૌથી આગળ

ડેનિયલ ક્રેગે 'નો ટાઈમ ટુ ડાઈ' દ્વારા વિદાય લીધા બાદ આગામી જેમ્સ બોન્ડ કોણ બનશે તે સવાલ પર હવે પૂર્ણવિરામ મુકાવાનું છે? લંડનમાં યોજાયેલા સઘન ઓડિશન્સ અને સ્ક્રીન ટેસ્ટ્સ બાદ બ્રિટિશ અભિનેતા જેક લોડન 'જેમ્સ બોન્ડ ૦૦૭' બનવાની રેસમાં સૌથી આગળ નીકળી ગયો છે. આંતરરાષ્ટ્રીય સટ્ટાબજારમાં લોડેનને ૮-૧૧ના મજબૂત ઓડ્સ મળ્યા છે. કોલમ ટર્નર અને જોશ ઓ'કોનર જેવા દાવેદારોને પાછળ છોડીને લોડેને પોતાના કરિશ્માઈ પરફોર્મન્સથી નિર્માતાઓને પ્રભાવિત કર્યા છે.

Hollywood CORNER

ક્રિસ્ટોફર નોલનની ક્લાસિક ફિલ્મ 'ડંકર્ક' અને જાસૂસી સિરીઝ 'સ્લો હોર્સીસ'માં દમદાર અભિનયથી લોડેને સાબિત કર્યું છે કે તે એક્શન અને બુદ્ધિમત્તાના સમન્વયવાળા પાત્રને ઉત્તમ ન્યાય આપી શકે છે. ચાહકોના મતે તેનામાં શોન કોનરીના તેવર અને ડેનિયલ ક્રેગની ભાવનાત્મક તીવ્રતાનું અનોખું મિશ્રણ છે.




'બોન્ડ ૨૬' તરીકે ઓળખાતી આ આગામી ફિલ્મનું શૂટિંગ વર્ષ ૨૦૨૭માં યુકે, યુરોપ અને એશિયાના વિવિધ લોકેશન્સ પર શરૂ થશે. સાંપ્રત રાજકારણ અને સાયબર યુદ્ધની પૃષ્ઠભૂમિ પર આ ફ્રેન્ચાઈઝીને નવું સ્વરૂપ મળવાનું છે. હવે માત્ર સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે, પરંતુ ચાહકો પહેલેથી જ લોડેનને નવા ૦૦૭ તરીકે આવકારી રહ્યા છે. ■

જેનિફર લોરેન્સ

'હન્ગર ગેમ્સ'માં શાનદાર વાપસી

હોલિવુડની લોકપ્રિય અભિનેત્રી જેનિફર લોરેન્સે જાણીતા પોડકાસ્ટ 'કોલ હર ડેડી'માં પુષ્ટિ કરી છે કે તે આગામી પ્રીક્વલ ફિલ્મ 'ધી હંગર ગેમ્સ: સનરાઈઝ ઓન ધી રીપિંગ'માં પોતાના યાદગાર પાત્ર કેટનિસ એવરડીન તરીકે પુનરાગમન કરી રહી છે. પોતાના જૂના સહ-કલાકારો સાથે ફરી જોડાવાના અનુભવને તેણે અત્યંત ભાવુક અને અણમોલ ગણાવ્યો છે. આજે જ, એટલે કે ૨૦ નવેમ્બરે રિલીઝ થઈ રહેલી આ ફિલ્મની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.



'હંગર ગેમ્સ' ફ્રેન્ચાઈઝીએ જેનિફરને વૈશ્વિક સુપરસ્ટાર બનાવી હતી અને કેટનિસનું પાત્ર યુવાનો માટે બહાદુરીનું પ્રતીક બન્યું હતું. આ સિવાય જેનિફરે કોમેડી ફિલ્મ 'નો હાર્ડ ફીલિંગ્સ', 'ડોન્ટ લૂક અપ' અને 'કોઝવે' જેવી ફિલ્મો દ્વારા પોતાની અભિનય ક્ષમતાની વિવિધતા સાબિત કરી છે.

અભિનય ઉપરાંત, તે પોતાની પ્રોડક્શન કંપની હેઠળ અર્થપૂર્ણ અને મહિલા-કેન્દ્રિત વાર્તાઓનું નિર્માણ પણ કરી રહી છે. લગ્ન અને માતૃત્વ પછી અંગત અને વ્યાવસાયિક જીવન વચ્ચે સુંદર સંતુલન જાળવતી ઓસ્કર વિજેતા જેનિફર લોરેન્સનું આ કમબેક સિનેપ્રેમીઓને જલસો કરાવશે તેવું લાગે છે. ■

સિદ્ધાર્થ રોય કપૂર: બોલિવુડની સ્ટાર સિસ્ટમ અજરાઅમર છે

બોલિવુડમાં રાજ કપૂર અને બોની કપૂર ઉપરાંત એક એવું કપૂર ખાનદાન છે જેના બધા મેમ્બર્સ મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે. એ છે પ્રોડ્યુસર સિદ્ધાર્થ રોય કપૂરનું ફેમિલી. સિદ્ધાર્થ પોતે નિર્માતા છે જ્યારે એમની પત્ની વિદ્યા બાલન આગલી હરોળની એક્ટ્રેસ છે. એમનો વચલા ભાઈ કુણાલ રોય કપૂર અને સૌથી નાનો ભાઈ આદિત્ય રોય કપૂર બન્ને એક્ટર છે.

પ્રોડ્યુસર તરીકે સિદ્ધાર્થ રોય કપૂરે પોતાની બિજનેસની આવડત સાથે ક્રિએટીવ જોખમ ઉઠાવવાનો અભિનય અપનાવ્યો. એને કારણે આપણને 'દંગલ', 'બરફી' અને 'ધ સ્કાય ઈઝ પિન્ક' જેવી સમીક્ષકોએ વખાણેલી કમર્સિયલી સકસેસફુલ મૂવી જ મળી. હમણાં સિદ્ધાર્થે 'વ્હિસલીંગ વુડ્સ ઈન્ટરનેશનલ'ના વિદ્યાર્થીઓનો માસ્ટરક્લાસ લઈ એમની સાથે ફિલ્મમેકિંગની કળા અને એના બિજનેસ વિશેનો પોતાનો અનુભવ અને મત શેર કર્યો.

સૌપ્રથમ બોલિવુડમાં પોતાની એન્ટ્રી વિશે વાત કરતા રોય કપૂર કહે છે, 'કોર્પોરેટમાંથી ક્રિએટીવ ફિલ્ડમાં આવવામાં મને બહુ મુશ્કેલી નહોતી પડી. કદાચ એટલા માટે કે મને સિનેમા પ્રત્યે અદમ્ય આકર્ષણ હતું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ જ્યારે અનુભવ્યું કે એમની જેમ હું પણ ફિલ્મોને દિલથી ચાહનારી વ્યક્તિ છું ત્યારે એણે મને ઝડપથી સ્વીકારી લીધો. મને પણ ક્રિએટીવ લોકો વચ્ચે રહીને એવા નિર્ણયો લેવામાં સહભાગી થવાની મજા પડી જે બ્લેક એન્ડ વ્હાઈટ નહોતા. ખરું કહું તો કોર્પોરેટ વર્લ્ડ મને બહુ સીમિત અને બંધિયાર લાગતું હતું.' પછી સિદ્ધાર્થે એક બહુચર્ચિત ટોપિક ઉપર પોતાના બેધડક મત આપતા કહ્યું, 'મને નથી લાગતું કે ઈન્ડસ્ટ્રીની સ્ટાર સિસ્ટમ ક્યારેય સંપૂર્ણપણે નાબુદ થાય કારણ કે આપણને બધાને સ્ટાર્સના ફેન્સ બનવાનું બહુ ગમે છે, એ આપણાં કલ્ચરમાં છે. હમણાં હું એક ઈવેન્ટમાં જાવેદ અખ્તર સાહેબ સાથે વાત કરતો હતો ત્યારે એમણે મને કહ્યું કે હું ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારથી એવો વિલાપ સાંભળતો આવ્યો છું કે સ્ટાર સિસ્ટમ બોલિવુડનું નિકંદન કાઢી રહી છે. આજે એક સારી વાત એ બની છે કે દર્શકો એવો સ્પષ્ટ આપી રહ્યા છે કે તમે અમને કોઈ સ્ટારને લીધા વિના 'મૈં વાપસ આઉંગા' કે 'મિર્ઝાપુર' જેવું ઈન્ટરેસ્ટિંગ કન્ટેન્ટ આપશો તો અમે



સિનેમાઘરો પર ફરી હાઉસફુલના પાટિયા ઝુલતા કરી દઈશું.'

સિનેમાના સ્ટુડન્ટસને રસ પડે એવો એક બીજો ટોપિક છેડતા રોય કપૂર કહે છે, 'ઈરાનિયન કે ફ્રેન્ચ સિનેમાની જેમ આપણી ફિલ્મો ધડાકાભેર ઈન્ટરનેશનલ માર્કેટમાં પ્રવેશી નથી શકી કારણ કે ઘરઆંગણે આપણો પોતાનો મંત્રમુગ્ધ થયેલો એક વિશાળ દર્શક વર્ગ છે. ભારતીય સિનેમાને પશ્ચિમના કે દક્ષિણ એશિયા સિવાયના દેશોની રુચિ પ્રમાણેની ફિલ્મો બનાવવાની જરૂર જ નથી વર્તાઈ. એટલે આપણું ફિલ્મમેકિંગનું ગ્રામર પહેલા હતું એનું એ જ રહ્યું છે. આપણી ફિલ્મો આજે પણ લાંબી છે, એમાં ઈન્ટરવલ પડે છે અને સોંગ્સ અને ડાન્સ પણ હોય છે અને આ જ વાતો હિન્દી ફિલ્મોને એક અનોખી ભાત આપે છે. આપણને ગ્લોબલ ઓડિયન્સ જોઈતું હોય તો એ માટે સૌપ્રથમ તો ફિલ્મોની કથાવસ્તુમાં એવા વિષયો લેવા પડે જેની લાગણીઓને સીમાડા ન નડે

'ભારતીય સિનેમાને ખરેખર તો પશ્ચિમના કે દક્ષિણ એશિયા સિવાયના દેશોની રુચિ પ્રમાણેની ફિલ્મો બનાવવાની જરૂર જ નથી વર્તાઈ. એટલે આપણું ફિલ્મમેકિંગનું ગ્રામર પહેલા હતું એનું એ જ રહ્યું છે.'

અને એનું ચિત્રણ સમય અને સ્થળની દ્રષ્ટિએ એકદમ ઓથેન્ટિક હોય. દાખલા તરીકે, ફિલ્મ લંચ-બોક્સ. એના હાર્દમાં મુંબઈના ડબ્બાવાળાની દુનિયાની સૌથી અનોખી ટિફીન સર્વિસ છે પણ એની સાથોસાથ એક ગૃહિણીની એકલતાનું પણ નિરૂપણ છે. એનો અનુભવ દુનિયાના દરેક ખૂણે વસતા લોકો કરે છે. આમિર ખાનની 'દંગલ'માં હરિયાણાના એક રેસલિંગ ફેમિલીની વાર્તા હતી, જેમાં પિતા-પુત્રી વચ્ચેના સંબંધને વણી લેવાયો હતો, જે ફરી એક યુનિવર્સલ થીમ હતી.'

સમાપનમાં રોય કપૂરને એવો અંગત સવાલ કરાયો કે તમારા પરિવારના બાકીના ત્રણેય સભ્યો એકટર્સ છે. એ જોતા તમે બધા ડિનર ટેબલ પર ભેગા થાવ ત્યારે શું ચર્ચા કરો છો? એના જવાબમાં પરિવારના વડીલે કહ્યું, 'અમે બધા પહેલા તો જમવામાં શું છે એ ડિસ્કસ કરીએ અને નાની નાની વાતો પર ખડખડાટ હસીએ. પછી અમે એક પછી એક આખા સપ્તાહના અમારા અનુભવો શેર કરીએ. જેનો અનુભવ વધુ ડ્રામેટિક હોય એ વધુ સમય લે અને બધા એને ધ્યાનથી સાંભળે. અમે બધા એક એવી ઈન્ડસ્ટ્રીમાં કામ કરીએ છીએ જે બહુ અસ્થિર અને સેન્સિટીવ છે. એટલે અમારા માટે એકબીજાને સપોર્ટ આપવાનો સૌથી સારો રસ્તો એકબીજાની પડખે ઊભા રહેવાનો છે.' ■

શાન : હું સ્ટેજ પર માઈકલ જેક્સનનાં ગીત ગાઉં, એવી તો કલ્પના જ નહોતી કરી!



શાન ગાયક તરીકે તો અદ્ભૂત છે જ પણ તાજેતરમાં જ તેણે તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી માઈકલ જેક્શન જેવા દંતકથારૂપ સંગીતકાર- ગાયકને શ્રદ્ધાંજલી આપવાનો પ્રયત્ન કર્યો ત્યારે તો દર્શકોને આશ્ચર્યનો આંચકો લાગ્યો. આ સાથે જ ગાયક શાને માઈકલ જેક્શનની અદ્ભૂત ડાન્સ મુવ્સને સ્ટેજ પર પેશ પણ કરી.

માઇકલ જેક્શનના આઇકોનિક ડાન્સ સ્ટેપ્સનો સ્ટેજ પર પ્રયાસ

જ્યારે સ્ટેપ્સનો સ્ટેજ પર પ્રયાસ માઈકલ જેક્શનની સુપ્રસિદ્ધ શૈલી સાથે ન્યાયી યોગ્ય વર્તન કર્યું નથી ત્યારે પ્રેક્ષકોના ઉત્સાહી પ્રતિભાવ તેને આ અભિનય(સ્ટાઈલ)ને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યો છે. આ સંદર્ભે શાન કહે છે, સાચું કહું તો મારા સપનામાં પણ મેં વિચાર્યું નહોતું કે હું સ્ટેજ પર માઈકલ જેક્શનનું ગીત ગાઈશ. આવું કરવું એ એક ભિન્ન બાબત હતી, જેની સાથે હું રમી શકતો હતો, પરંતુ તેના (માઈકલ જેક્શન) આઈકોનિક ડાન્સ સ્ટેપ્સનો પ્રયાસ કરવો એ તો કંઈક અલગ જ હતું,' શાને માઈકલ જેક્સનની ફિલ્મ ' થ્રિલર' (૧૯૮૩)નું એક ગીત ગાયું હ તું.

'દર્શકોએ મારી પાસેથી આવી અપેક્ષા નહીં રાખી હોય'

જો કે ગાયક શાન પોતાના અભિનય પ્રત્યે પ્રામાણિક છે અને માને છે કે તેમાં સુધારા માટે ઘણો અવકાશ છે. 'હું કદાચ ત્યાં અડધી (અદાકારી) અદા કરી શકું એવો પણ નહોતો. મને શંકા છે કે મેં તેને કોઈપણ રીતે વાજબી ઠેરવ્યો હોય, પણ મને લાગે છે કે લોકોએ હુ માઈકલ જેક્શનની જેમ હાથ- પગ હલાવવા, હલનચલન કરવા કે કોઈ ગીત ગાવાની અપેક્ષા રાખી હોય. તેથી જ, તેમનો સકારાત્મક પ્રતિભાવ જોવો રોમાંચક હતો. મને ખાતરી છે કે હું અહીંથી જ વધુ સારો થઈ શકીશ,' એમ શાન ઉમેરે છે.

માઇકલ જેક્શન કાયમ આઇકોન રહ્યો

આ શ્રદ્ધાંજલિ પણ એક યોગ્ય સમયે જ આવી જ્યારે માઈકલ જેક્શનના સંગીતે યુવા શ્રોતાઓમાં અનેરું ધ્યાન ખેંચાયું. 'માઈકલ જેક્શન હંમેશા એક આઈકોન રહ્યા છે અને'૮૦ના દાયકામાં આપણે બધા તેમના માટે ખૂબ જ પાગલ હતા, દીવાના હતા અને હવે, મને લાગે છે કે તેમના પર બનેલી નવી ફિલ્મ સાથે નવી પેઢી પણ માઈકલ જેક્શન, તેમના સંગીત, અને તેમની આભાથી પરિચિત થઈ ગઈ છે. તેથી મારો એક શો- આવું કંઈક રજૂ કરવાનો આ ઉત્તમ અને યોગ્ય સમય હતો,' એમ શાને જણાવ્યું હતું. ■

ઇમરાન ખાને સરકારવિરોધી રેલીમાં ભાગ લીધો તેને પગલે તેની અમેરિકન નાગરિકતાનો મુદ્દો બહાર આવ્યો અને તેણે અદાલતની માફી માગી બધી સમસ્યાનો હાલ તરત તો અંત આણ્યો છે, પણ ખરી સમસ્યા તો એ છે કે



કામ-પ્રસિદ્ધિ ભારતમાં અને નાગરિકતા વિદેશની!

બોલીવૂડમાં એવા કેટલાય કલાકારો છે, જે અન્ય દેશોની નાગરિકતા ધરાવે છે અને બોલીવૂડમાં કામ કરી પેટિયું રળે છે અને પ્રસિદ્ધિ-લોકપ્રિયતા હાંસલ કરે છે. આવા કલાકારોમાં આલિયા ભટ્ટથી માંડીને કેટરિના કૈફ સુધીના ઘણા પરિચિત ચહેરાનો સમાવેશ થાય છે. જે અન્ય દેશોના નાગરિક છે!





આલિયા ભટ્ટ:

ફિલ્મસર્જક મહેશ ભટ્ટ અને બ્રિટિશ અભિનેત્રી સોમી રાજદાનની આ પુત્રી આલિયા ભટ્ટે ભલે રણબીર કપૂર સાથે લગ્ન કર્યા હોય, પણ તે વાસ્તવમાં ભારતની નહીં, પણ બ્રિટનની નાગરિકતા ધરાવે છે.

કેટરિના કૈફ :

બ્રિટિશના હકુમત ધરાવતાં હોંગકોંગમાં કાશ્મીરી વંશના પિતા અને બ્રિટિશ માતાને ત્યાં જન્મેલી કેટરિના કૈફ બ્રિટિશ પાસપોર્ટ ધરાવે છે.

જેક્લિન ફર્નાન્ડિઝ :

જેક્લિનનો જન્મ તો બહેરિનમાં થયો છે, પણ વાસ્તવમાં તે શ્રીલંકાની નાગરિક છે. તેણે ૨૦૦૬માં 'મિસ યુનિવર્સ સ્પર્ધા'માં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

દિલજિત દોસાંજ:

પંજાબમાં જન્મેલો આ ગાયક અને અભિનેતાએ ૨૦૨૨માં અમેરિકાનું નાગરિકત્વ મેળવ્યાનું કહેવાય છે અને ત્યારથી તે અમેરિકન પાસપોર્ટ પર દેશવિદેશની મુલાકાત લેતો રહે છે.

કલ્કી કોચલિન :

પુડુચેરીમાં ફ્રેન્ચ માતાપિતાને ત્યાં જન્મેલી અને ભારતમાં ઉછરી હોવા છતાં કલ્કી ફ્રેન્ચ નાગરિકતા ધરાવે છે.

શિબાની દાંડેકર :

પુણેમાં જન્મેલી આ અભિનેત્રી અને ગાયિકા ઓસ્ટ્રેલિયામાં ઉછરેલી છે અને તેની પાસે ઓસ્ટ્રેલિયાનો પાસપોર્ટ છે. તેણે અભિનેતા-ફિલ્મનિર્માતા ફરહાન અખ્તર સાથે લગ્ન કર્યા છે અને બન્ને સાથે સહજીવન ગાળે છે. અન્ય કલાકારોના વિદેશી પાસપોર્ટ

નોરા ફતેહી :

જન્મ અને ઉછેર ટોરોન્ટોમાં હોવા છતાં મૂળ મોરોક્કન પરિવાર સાથે સંકળાયેલી કેનેડિયન નાગરિકતા ધરાવે છે.

નરગિસ ફકરી :

ન્યુ યોર્કમાં પાકિસ્તાની પિતા અને એક માતા થકી જન્મેલી નરમિસ ફકરી અમેરિકન નાગરિકત્વ ધરાવે છે.

સન્ની લિયોની :

ભારતીય પંજાબી માતા-પિતા થકી ઓન્ટારિયામાં જન્મેલી સન્ની લિયોની કેનેડિયન નાગરિકતા ધરાવે છે.

અલાયા એફ :

અભિનેત્રી પૂજા બેદી થકી લોસ એન્જેલસમાં જન્મેલી અલાયા અમેરિકનન નાગરિકતા ધરાવે છે. ■

હું પહેલેથી જ ફેમિનિસ્ટ રહી છું: ફાતિમા સના શેખ

ફાતિમા સના શેખ પોતાને બહુ ગર્વથી ફેમિનિસ્ટ, એટલે કે નારાવાદી માને છે. આજે જ્યાં સર્વત્ર નારીવાદના બણગાં ફૂંકાય છે ત્યારે ફાતિમા એકદમ સહજતાથી કહે છે કે આ શબ્દનો અર્થ મને ઘણાં વર્ષથી ખબર છે. વાસ્તવમાં હું નારીવાદી લોકો વચ્ચે જ ઉછરી છું. હું જેમની સાથે રહીને મોટી થઈ છું તેઓ સંબંધોમાં સમાનતાને મહત્ત્વ આપે છે. સ્વાભાવિક રીતે જ આ વિચારસરણી મારી અંદર પણ ઉતરી આવી છે. ભલે મને ફેમિનિસ્ટ તરીકેની ઓળખ હવે મળી છે. પણ હું નારીવાદી વિચારસરણી સાથે જ મોટી થઈ છું.

અભિનેત્રીની વેબ સીરિઝ 'હુંકાર : ધ શેર' થોડા સમય પહેલા જ રજૂ થઈ. સના માને છે કે માનવીની વર્તણૂકમાં તેની આસપાસના વાતાવરણનું પ્રતિબિંબ પડે છે. મારા મતે દરેક માનવીની ભીતર એક દુષ્ટાત્મા વસે છે. જોકે માનવી સામાજિક પ્રાણી હોવાથી તેને સમાજનો, કાનૂનનો, ધર્મનો ભય પણ રહે છે અને તેનું માર્ગદર્શન પણ મળે છે. પરંતુ જો તે આ બધામાં ન માને તો વિનાશક બની જાય. અને આજે માનવી ખરેખર વિનાશક બની રહ્યો છે. તે જ્યાં જાય ત્યાં સર્વનાશ કરે છે. ફાતિમા કહે છે કે દરેક વ્યક્તિએ પોતાના હિસ્સાના સંઘર્ષ કરવો પડે છે. કોઈ ઈન્સાન દૂધે ધોયેલો નથી હોતો, તેમને એક કાળી બાજુ પણ હોય છે. મહત્ત્વની વાત એ છે કે દરેક જણ પોતાની અંદર રહેલી કાળી બાજુની એટલે કે પોતાના અવગુણોની અલગ અલગ પ્રકારની વ્યાખ્યા કરે છે. અદાકારા પોતાના વિચાર બાબતે અત્યંત દ્રઢ છે. તે કહે છે કે હું બધું મારી મરજી મુજબ કરું છું. જ્યારે કામ પસંદ કરવાનો વારો આવે ત્યારે પણ હું મારા મનની વાત સાંભળું છું. હું એટલી ભાગ્યશાળી પણ છું કે સેટ પર મારી વાતનું માન રાખવામાં આવે છે. અભિનેત્રી વધુમાં કહે છે કે હું એવા સર્જકો સાથે જ કામ કરવાનું પસંદ કરું છું જે મારી વાત સાંભળે-સમજે અને તેનું માન પણ રાખે. જો મારા અન્ય પરિવારજનો અને મિત્રો નમ્ર બનીને મારી કહેલી વાત સમજે, મારા કામમાં હવનના હાડકાં ન નાખે. જોકે હું સારી રીતે જાણું છું કે આવું બધા લોકો નથી કરવાના. પરંતુ હું નસીબદાર છું કે મોટાભાગના લોકો મારી વાતનું માન રાખે છે. ■

'હું નારીવાદી લોકો વચ્ચે જ ઉછરી છું. હું જેમની સાથે રહીને મોટી થઈ છું તેઓ સંબંધોમાં સમાનતાને મહત્ત્વ આપે છે. સ્વાભાવિક રીતે જ આ વિચારસરણી મારી અંદર પણ ઉતરી આવી છે.'

પ્યાર હૈ પ્યાર ઔર કુછ ભી નહીં...

૧૯૫૦ના દાયકાથી કેટલાક ફિલ્મ સર્જકોએ પોતાના સર્જન દ્વારા એક અનોખી પરંપરા સર્જી હતી. એ. આર. કારદાર, વિજય ભટ્ટ, મનમોહન દેસાઈ, વી. શાંતારામ વગેરેની હારોહાર બી. આર. ચોપરાએ પણ પોતાના બેનર હેઠળ કેટલીક સરસ ફિલ્મો આપી હતી. બી. આર. ચોપરાની વિશેષતા એ હતી કે એમની ફિલ્મો હેતુપ્રધાન અને સુગર

સિને મેજિક
અજિત પોપટ

કોટેડ ચોકલેટની જેમ પરોક્ષ રીતે કોઇ સંદેશ આપનારી ફિલ્મ બની રહેતી. પશુબળ વર્સેસ યંત્રબળ નિરૂપતી ફિલ્મ 'નયા દૌર', નારીની મજબૂરી વર્ણવતી ફિલ્મ 'સાધના', મનુષ્ય નહીં પણ સમય બળવાન છે એવો સંદેશો આપતી ફિલ્મ 'વક્ત', કાયદો અંધ છે એવો પરોક્ષ સંદેશો આપતી ફિલ્મ 'કાનૂન' વગેરે. એથી પણ આગળ વધીને બી. આર. ચોપરાએ મહર્ષિ વેદ વ્યાસ રચિત મહાભારતની જે ટીવી સિરિયલ બનાવી એ ધ્યાનમાં લઇએ તો એમની સર્જનકલા વિશે આદર જન્મ્યા વિના ન રહે.

પરંતુ ૧૯૮૧માં રજૂ થયેલી ફિલ્મ 'અગ્નિપરીક્ષા' થોડી નિરાશ કરે એવી ફિલ્મ ગણી શકાય. માનસિક અસ્થિરતા ધરાવતો એક યુવાન આલોક પોતાનાં લગ્નની પૂર્વસંધ્યાએ નાસી જાય છે. અકસ્માતે એ પોતાના દોસ્ત સિદ્ધાર્થની પ્રિયતમાના પ્રેમમાં પડે છે. આલોકની હત્યા થાય છે. એના ખૂની તરીકેની શંકા એના પેલા દોસ્ત પર આવે છે, કારણ કે એની વાગ્દત્તાના પ્રેમમાં આ મનોરુગ્ણ યુવાન પડ્યો હતો.

આમ જુઓ તો બી. આર. ચોપરાની ખાસિયત મુજબ મલ્ટિસ્ટાર ફિલ્મ ગણી શકાય. અમોલ પાલેકર, પરીક્ષિત સાહની, રામેશ્વરી, દિનેશ ઠાકુર, ડૉક્ટર શ્રીરામ લાગુ, વીણા (સાચું નામ તાજૌર સુલતાના) અને આ બધાં ઉપરાંત ધુરંધર અભિનેતા ઉત્પલ દત્ત. કદાચ ફિલ્મની સ્ક્રીપ્ટ નબળી હતી અથવા ડાયરેક્ટર પોતાના મનમાં સ્પષ્ટ નહોતા. આ ફિલ્મ ન તો ક્રાઇમ થ્રિલર બની કે ન તો પ્રણય ત્રિકોણની કથા બની. બી. આર. ચોપરા પોતે આ ફિલ્મના ડાયરેક્ટર હોત તો કથાની માવજત જુદી રીતે થઇ હોય એમ લાગ્યા વિના રહેતું નથી. બી. આર. ચોપરા ફક્ત નિર્માતા બની રહ્યા. કમલ મજુમદાર ફિલ્મના ડાયરેક્ટર છે. યોગેશનાં ચાર ગીતોને સલિલ ચૌધરીએ સ્વરાંકિત કર્યાં છે. અગાઉ કહ્યું એમ ડાયરેક્ટર પોતે દ્વિધામાં હશે કે ગમે તેમ પણ કથાની અસરકારક માવજત અને યોગ્ય સંકલનના અભાવે ફિલ્મ યાદગાર બની નહીં.

આ સંજોગોમાં ગીતકાર સંગીતકાર ગમે તેટલી મહેનત કરે તો પણ એનું ધાર્યું પરિણામ આવી શકે નહીં. ફિલ્મમાં ચાર ગીતો છે. પરદા પર વહેતા કથા પ્રવાહ સાથે આ ગીતો કદાચ માણી શકાય. ઓડિયો દ્વારા એટલો પ્રભાવ સર્જી શકતા નથી એમ કહીએ તો ખોટું નહીં. ચાર ગીતો છે જે લતા મંગેશકર, કિશોર કુમાર અને આશા



'અગ્નિપરીક્ષા'માં ચાર ગીતો છે. તેના શબ્દો અને સ્વર-લય વચ્ચે ગજબનો તાલમેલ છે. સલિલ ચૌધરીએ પોતાની રીતે ચારે ગીતોને યાદગાર બનાવવાનો પુરુષાર્થ કર્યો કર્યો છે, પરંતુ કથાની માવજતને યોગ્ય ન્યાય ન મળે ત્યારે ગીતો અને એનું ફિલ્માંકન બંને દર્શકના મન પર ધારી અસર પાડી શકતાં નથી.

ભોંસલે વચ્ચે વહેચાયેલાં છે. શબ્દો અને સ્વર-લય વચ્ચે ગજબનો તાલમેલ છે. સલિલ ચૌધરીએ પોતાની રીતે ચારે ગીતોને યાદગાર બનાવવાનો પુરુષાર્થ કર્યો કર્યો છે. પરંતુ અગાઉ કહ્યું એમ કથાની માવજતને યોગ્ય ન્યાય ન મળ્યો હોય તો ગીતો અને એનું ફિલ્માંકન બંને દર્શકના મન પર ધારી અસર પાડી શકે નહીં.

સિદ્ધાર્થ સુતો છે (ખરેખર તો એની પ્રિયતમા આવી છે એ જાણીને ઊંઘવાનો ડોળ કરે છે) ત્યારે પેલી એને જગાડવા માટે એક સરસ ગીત ગાય છે. લતાના કંઠે આ ગીત સાંભળનારને ડોલાવે એવું સ્વરાંકન છે- 'ઓ રે મન ગુનગુન ગુનગુન ઝૂમ કે ગા રે કોઇ ગીત જિસે સુન કે જાગે મેરા સોયા સોયા મીત...' ગીતના શબ્દોને લાડ લડાવતી હોય એવી તર્જ સાથે અભિનેત્રી રામેશ્વરીનો અભિનય પણ પરદા પર છવાઇ ગયો હતો. ગીતકાર યોગેશે આ ગીતમાં પરોઢને બિરદાવતાં જે કલ્પના કરી છે એ પણ દાદ આપવા જેવી છે. અંતરામાં કહ્યું, 'ઓ આયી મસ્તાની યે સુહાની કૈસી દિવાની સી ભોર, ઓ ઐસી બિખરી હૈ સોને જૈસી કિરણોં કી અલબેલી ડોર, ઓ હવા તુ જા ચલ કાનોં મેં ઉન કે જરા છેડ કોઇ હલકા સા સંગીત જિસે સુન કે જાગે મેરા સોયા સોયા મીત...'

જાણે નાયિકાના મનની વાત સાંભળ્યા પછી નાયકના મનમાં પણ પ્રેમની એવી જ સંવેદના પ્રગટે છે. કિશોરકુમારના કંઠે એક મધુર પ્રણયગીત રજૂ થાય છે. અમોલ પાલેકર પર ફિલ્માવાયેલું આ ગીત કિશોરકુમારે પોતાની આગવી સ્ટાઇલમાં જમાવ્યું હતું- 'મિલ ગયી અચાનક મુઝે હર ખુશી, આ ગયે મેરી બાંહોં મેં દો જહાં...' પરદા પર ગજબની કશમકશ આ ગીતમાં જોવા મળે છે. એનું કારણ પણ ગીતના શબ્દોમાં અનુભવાય છે- 'યાર પાસ હૈ, પ્યાર ભી પાસ હૈ, તકદીર સભી કી હોતી હૈ ઐસા કહાં, આ ગયે મેરી બાંહોં મેં દો જહાં, મિલ ગયી અચાનક...' આ પ્રસંગે પ્રણય ત્રિકોણ જેવો વળાંક કથામાં આવી શક્યો હોત એમ લાગે પરંતુ પછી નાયકની હત્યા થઇ જાય છે.

બે પુરુષ વચ્ચે અટવાયેલી નાયિકા પછી શું કરે? એકની હત્યા થઇ જાય અને બીજા પર એ હત્યાનો આરોપ આવે. તો નાયિકાની મનોદશા કેવી હોય એ લતાના કંઠે ગવાયેલા આ ગીત દ્વારા વ્યક્ત થયું છે. ખૂબીની વાત એ છે કે પ્રણય માટે પંકાયેલા રાગ પહાડીમાં નાયિકાની કરુણ મનોદશાને સંગીતકારે અદલ ઝીલી છે. ગીતનું મુખડું છે, 'આજ કોન નહીં હૈ અપના, કિસે ગમ યે સુનાએં, તડપ તડપ કર, યું હી ઘુટ ઘુટ કર, દિલ કરતા હૈં મર જાએં...' અહીં તડપ અને ઘુટ શબ્દોના પુનરાવર્તન દ્વારા ગીતકારે નાયિકાની વેદનાને ઘુંટી કાઢી છે. શબ્દોના પુનરાવર્તન દ્વારા ભાવને ઘટ્ટ કર્યો છે.

છેલ્લું ગીત આશા ભોંસલેના કંઠમાં છે. આ ગીતમાં અગાઉ સેંકડો વખત આવી ગયેલા પ્રેમના મહિમાની વાત છે. આ ગીત ફિલ્મમાં ન હોત તો પણ કશો ફરક પડવાનો નહોતો. છતાં આ ગીત સારી જમાવટ કરી શક્યું છે એ પણ સ્વીકારવું રહ્યું. આ રહ્યા ગીતના શબ્દો- 'પ્યાર હૈ પ્યાર ઔર કુછ ભી નહીં, રાઝ જિસ કા ન કોઇ જાના હૈ, કોઇ સમજે ઇસે હકીકત હૈ, કોઇ સમજે ઇસે ફસાના હૈ, પ્યાર ખુદ રાસ્તા હૈ, મંજિલ ભી, પ્યાર તુફાન ભી હૈ, સાહિલ ભી, પ્યાર ખુશીયોં કા ઇક નગ્મા હૈ, દર્દ કા યહી તરાના હૈ...' ગીત થોડું લાંબું છે. એમાં પ્રેમના મહિમાને ગવાયો છે. સલિલદાએ ગીતને રમતિયાળ તર્જમાં ઢાળી દીધું છે. ■

TV TALK

યુવાન આશાસ્પદ અભિનેતા અનુજ ઠાકુરની અણધારી વિદાય



'ધૂમ મચા દે ધૂમ', 'બંધન સાત જન્મોં કા' અને 'મહિસાગર' જેવી અનેકવિધ સીરિયલોમાં ભૂમિકા ભજવનારા યુવાન અદાકાર અનુજ ઠાકુરે આપણાં વચ્ચેથી અણધારી વિદાય લીધી છે. તેમને આત્મઘાતક હૃદયરોગનો હુમલો થતાં અવસાન થયું છે. આ માહિતી મળતાં જ ટીવી અને ફિલ્મજગતના વર્તુળોમાં આઘાતનો આંચકો લાગ્યો છે.

કાસ્ટિંગ ડિરેક્ટર રૂપેશ સોનાર અને તેના મિત્રોએ ઇન્સ્ટાગ્રામ પર આ માહિતી શેર કરી હતી અને સદ્ગતને પોતાના નાના ભાઈ તરીકે ઓળખાવ્યો હતો. હજુ પણ વિશ્વાસ નથી બેસતો કે તું હવે અમારી વચ્ચે નથી. તું માત્ર એક મિત્ર જ નહોતો, પણ મારા માટે તો મારા નાના ભાઈ જેવો હતો. અમારી પાસે ઘણાં બધા પ્રોજેક્ટ્સનું આયોજન હતું અને મને હજુ પણ યાદ છે કે મેં તારા શરૂઆતના દિવસોમાં તારા અવિરત સંઘર્ષને નિહાળ્યો હતો અને તારી સંઘર્ષમય સફર નિહાળી હતી, એમ કેપ્શનમાં લખ્યું હતું. આ ઉપરાંત તેમાં એમ પણ ઉમેર્યું હતું કે જીવન ખરેખર કેટલું અણધાર્યું છે. તું આટલો જલ્દી ચાલ્યો ગયો, એ સ્વીકારવું પણ અત્યંત હૃદયદ્રાવક છે. ખરેખર આ સમાચાર અવાસ્તવિક લાગે છે. ભાઈ, તારી યાદ હંમેશા રહેશે. તું નિરવ શાંતિમાં પોઢી જા. અનુજ ઠાકુરનું ૨૭ ઓક્ટોબરે અવસાન થયું હતું અને તેઓ માત્ર ૩૩ વર્ષના હતા.

દીપિકા કક્કડની ફરી કામે ચડવાની તૈયારી?



વર્ષ ૨૦૨૫માં લિવર કેન્સરના સપાટામાં આવ્યા પછી સતત મુશ્કેલીઓનો સામનો કરી રહેલી અભિનેત્રી દીપિકા કક્કડ હવે સાજી થઈ ગઈ છે. પોતે હવે સ્વસ્થ છે તેના પુરાવા તરીકે, અથવા કહો કે ગુમાવેલો આત્મવિશ્વાસ પાછો મેળવવા અભિનેત્રીએ તાજેતરમાં પતિ શોએબઇબ્રાહિમ સાથે એક મ્યુઝિક વીડિયોનું શૂટિંગ કર્યું હતું. લિવરમાં રહેલું ટ્યુમર દૂર કરાવ્યા પછી હાલના તબક્કે ઇમ્યૂનોથેરપી લઈ રહેલી અભિનેત્રીએ આ વીડિયોના કેટલાંક ફોટા સોશ્યલ મીડિયા પર મૂક્યાં હતાં.પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પતિ શોએબ સાથેના મ્યુઝિક વીડિયો 'મહેંદી સે લિખ દે મેરા નામ' નામે બનાવેલા વીડિયોના ફોટા મૂકવા સાથે અભિનેત્રીએ એક ભાવનાત્મક નોટ પણ લખી હતી. તેણે લાંબા સમય પછી ફરીથી સેટ પર આવીને કેમેરાનો સામનો કરતી વખતે થયેલી ગભરામણનો પણ ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે પતિ ઇબ્રાહિમની પ્રશંસાના પૂલ બાંધ્યા હતા. દીપિકાએ લખ્યું હતું કે હું વીડિયો શૂટિંગ માટે તૈયાર થવાથી લઈને કેમેરા સામે જવા સુધી બહુ ઉત્સાહમાં હતી. આમ છતાં મનમાં ખાસ્સો ડર પણ હતો. લાંબા સમય પછી ડાન્સ કરવાનો હોવાથી મારું મન ગભરામણ અનુભવી રહ્યું હતું. મને સતત એમ લાગ્યા કરતું હતું કે હું અગાઉની જેમ પરફોર્મ કરી શકીશ કે કેમ. પરંતુ મારો પતિ શોએબ મારી પડખે અડીખમ બનીને ઊભો હતો.

સુશાંતના ડુપ્લેક્સમાં રહીને અદા શર્મા બહુ ખુશ છે

'ધ કેરલા સ્ટોરી' જેવી ચર્ચાસ્પદ ફિલ્મ કરીને લાઇમલાઇટમાં આવનાર અભિનેત્રી અદા શર્મા હાલ સદ્ગત એક્ટર સુશાંત સિંહ રાજપૂતના છેલ્લા ઘરમાં રહે છે. મુંબઈમાં બાંદ્રા વેસ્ટના હિલ રોડ પર આવેલા મોન્ટ બ્લાન્ડ બિલ્ડીંગના છઠ્ઠા માળ પરના આ જ સી- ફેસિંગ ડુપલેક્સ અપાર્ટમેન્ટમાં સુશાંતે સુસાઇડ કર્યું હતું. એટલે અદા એ ફ્લેટમાં રહેવા ગઈ ત્યારે ઘણાંએ એને એમ કહ્યું હતું કે એ ઘરમાં રહેવું ખરેખર હિંમતની વાત કહેવાય. આજે પણ એને કોઈકવાર આવું જ સાંભળવા મળે છે. હમણાં એક પોડકાસ્ટમાં એ વિશે ખુલાસો કરતા અદાએ બેધડક થઈને કહ્યું કે એ ઘરમાં રહેવું મારા માટે હિંમતની નહિ પણ આનંદની વાત છે. 'એ અપાર્ટમેન્ટ લાલવાની સરની માલિકીનો છે અને હું એમા રેન્ટ પર (ભાડે) રહું છું. હું જાણું છું ત્યાં સુધી સુશાંત પણ અહીં રેન્ટ પર જ રહેતા હતા. મને લાગે છે કે હું એક સારી વ્યક્તિ છું અને સુશાંત પણ સારા માનવી હતા. એટલે મને અહીં રહેવા માટે હિંમતની વાત મગજમાં નથી ઉતરતી. એક સારા ઘરમાં રહેવા માટે હિંમતની વળી શું જરૂર છે?' એવો વળતો પ્રશ્ન મિસ શર્મા કરે છે.



અદાના શર્માના જણાવવા મુજબ એને અને એની મમ્મીને સીધુ-સાદુ જીવન ગમે છે. ખોટો ભપકો અને ઠાઠમાઠ એમને પસંદ નથી. એમના અપાર્ટમેન્ટની ટેરેસ પર બગીચો છે, જ્યાં આ શાકભાજી ઉગાડે છે. 'હમે બગીચા અચ્છા લગતા હૈ, હમ ઉસમે સબ્જિયાં ઉગાતે હૈ' ઔર ખાતે હૈ, ઘરમાં સીધો તડકો આવે છે.

મોહિત મલિક : દિવાળી પછી તાજગી સાથે જ નવા કામ પર પાછા ફરો

'ડોલી અરમાનોં કી' અને 'કુલ્ફીકુમાર બાજેવાલા' જેવી સીરિયલોથી માંડીને ફિલ્મો અને ઓટીટીમાં કામ કરનારા અભિનેતા મોહિત મલિક માટે દિવાળી જેવા તહેવારની ઉજવણી ફટાકડાં ધૂમધડાકા અને આતશબાજી વચ્ચે થતી, પણ તેય બાળપણના એક નાજૂક સમય સુધી જ! જ્યારે તેઓ આતશબાજીમાં એક વેળા ખૂબ ખરાબ રીતે દાઝી ગયા એ પછી તો તેમણે ફટાકડાંથી જ દૂર રહેવાનું પ્રણ જ લઈ લીધું. આજે પણ મોહિત મલિક ફટાકડાં ફોડતાં નથી. મોહિત યાદ કરતાં કહે છે, મને યાદ છે કે મારા બાળપણમાં તો દિવાળી પરિવાર સાથે મજા અને ખુશી-આનંદનો ઉત્સવ હતો. હું ફટાકડાં ફોડતો હતો અને એ પણ એવી રીતે જે રીતે આપણે બધા ફટાકડાં ફોડતા. જો કે મારા માટે આ એક ખરાબ અનુભવ બની રહ્યો. આનું કારણ એ છે કે ફટાકડાં ફોડતા હું ખૂબ જ ગંભીર રીતે દાઝી ગયો અને ઘણી ઈજા સુધ્ધાં થઈ હતી. કમનસીબે, એ ખરાબ યાદ મારી સાથે આજે પણ ટકી રહી છે. આમ ત્યારથી મારા માટે દીવાળીનો તહેવાર પ્રકાશ, મીઠાઈઓ અને પરિવારજનો સાથે સંકળાયેલો છે, જેમાં ક્યાંય ફટાકડાંને સ્થાન નથી! હું મારા ઘરમાં ફટાકડા-મુક્ત ઉજવણીને લાગુ કરવાનું ચાલુ રાખું છું. પ્રદૂષણ, નુકસાન અને જોખમો રોમાંચની એક ક્ષણમાં ઘણું બધું-ધ્વંશ કરી શકે છે. તેનાથી બચવું જોઈએ.



જો કે દિવાળીમાં તેને એક વાત ખૂબ જ ગમે છે અને તે છે તેની સકારાત્મકતા! આ સમય ખૂબ ઉત્તમ હોય છે. એ કહે છે, 'દિવાળી આપણને બધી નકારાત્મકતા છોડીને નવી શરૂઆત કરવાનું શીખવે છે, જે જીવનમાં આગળ વધવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હું તો પરિવારજનો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવવા માટે, મિત્રોને મળવા માટે અને નવી યાદોને બનાવવા માટે અત્યંત ઉત્સુક રહું છું. આ એક એવી તક છે જે આપણને સંપૂર્ણપણે તાજગી આપે છે અને દિવાળી પછી આ તાજગી સાથે જ નવા કામ પર પાછા ફરો. હવામાં પણ મીઠાશ ભરેલી છે. જોકે આપણાં જમવાના ટેબલ પર પણ મીઠાશ અને મીઠી વસ્તુઓ મોટા પ્રમાણમાં પથરાયેલી હોય છે. મીઠાશ તો આ તહેવારનો એક હિસ્સો છે. આ એવી વસ્તુ છે જેની હું આતુર દ્રષ્ટિએ રાહ જોઉં છું તેનો ત્યાગ પણ મને ગમે છે. મને આ તહેવારમાં ગોવા, મહારાષ્ટ્ર અને પંજાબી પરંપરાને એકસાથે લાવવાનું ગમે છે. અને એ પણ ત્યારે જ્યારે ખોરાકની વાત આવે કેટલાંક દિવસો ઉપવાસ કરવામાં કશું ખોટું નથી.'

રજાઓ પરિવારજનો અને મિત્રો સાથે અથવા પર્વતમાળામાં ગાળવી તહેવારોની રજાઓ ક્યાં ગાળવી જોઈએ, એ અંગે વાતો કરતાં મોહિત મલિક કહે છે કે, 'રજાઓ પરિવાર અને મિત્રો સાથે વિતાવવામાં આવે છે અથવા થોડો શાંત સમય મળે તો તેને પર્વતમાળાઓમાં જઈ વિતાવવો

'દિવાળી આપણને બધી નકારાત્મકતા છોડીને નવી શરૂઆત કરવાનું શીખવે છે, જે જીવનમાં આગળ વધવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ એક એવી તક છે જે આપણને સંપૂર્ણપણે તાજગી આપે છે...'

સૌમ્યા ટંડન ધીમા પણ મક્કમ પગલે આગળ વધી રહી છે



ટલીક વખત સાવ નાની ભૂમિકા પણ ઊંડી છાપ છોડી શકે છે. લાંબા સમય સુધી ટીવી શો 'ભાભીજી ઘર પર હૈ'માં રમૂજ વેરનાર અભિનેત્રી સૌમ્યા ટંડને આ અનુભવ લીધો છે.

અદાકારાએ 'ધુરંધર'માં ભજવેલી અક્ષયકુમારની પત્નીની ભૂમિકાએ સૌમ્યાને નવી ઓળખ આપી છે. સાવ ઓછા શબ્દો, પણ ચહેરા પર કંઈ કેટલાય ભાવોનો ચડાવ- ઉતારે સૌમ્યાની અભિનય ક્ષમતાના અત્યાર સુધી ન દેખાયેલા પાસાને બખૂબી ઉજાગર કર્યું અને હવે અદાકારા સૂરજ બડજાત્યાની ટૂંક સમયમાં આવી રહેલી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા'માં દેખાશે. ''ધુરંધર' પછી મને નવી ઓળખ મળી, હું કોમેડી ઉપરાંત ધીર-ગંભીર, ઈમોશનલ રોલ પણ સારી રીતે ભજવી શકું છું એ પુરવાર થઈ ગયું અને જેમણે મને હંમેશાં કોમેડી કરતાં જોઈ હતી તેમણે મને આવા કિરદારમાં ભાળીને મારી પ્રશંસાના પૂલ પણ બાંધ્યા. મારી કારકિર્દીમાં આ મહત્ત્વનો વળાંક ગણાય. મને જેવા કામની અપેક્ષા છે એવું કામ હજી સુધી જૂજ મળ્યું છે. વાસ્તવમાં સારી ફિલ્મમાં પ્રભાવશાળી ભૂમિકા મેળવવાનું કામ હજી પણ લોઢાના ચણા ચાવવા સમાન છે. હું ઝાઝું નહીં, ગુણવત્તાસભર કામ કરવા માગું છું અને મારી આ અપેક્ષા ધારવા જેટલી પૂરી નથી થઈ.'

જોકે સૌમ્યા એ વાતે ખુશ છે કે તેને સૂરજ બડજાત્યા જેવા મંજાયેલા ફિલ્મ સર્જક સાથે કામ કરવાની તક મળી અન ટૂંક સમયમાં તેમની સાથેની તેની ફિલ્મ રજૂ પણ થવાની છે.

સૌમ્યા કહે છે, 'મને આ ક્ષેત્રે કોઈ આજીવન સ્ટ્રગલર કહે તોય મને વાંધો નથી. હું મુંબઈ આવી ત્યારે મારી આંખોમાં સ્ટાર બનવાના શમણાંઓનું આંજણ આંજેલું હતું. પણ ધીમે ધીમે તે ધોવાતું ગયું. પહેલા તો હું ધાર્યું કામ ન મળતાં બહુ બેચેન બની જતી. પણ ધીમે ધીમે મારું મન શાંત થતું ગયું. હું ધૈર્ય રાખતાં શીખી ગઈ છું.' ■

'મને આ ક્ષેત્રે કોઈ આજીવન સ્ટ્રગલર કહે તોય મને વાંધો નથી. હું મુંબઈ આવી ત્યારે આંખોમાં સ્ટાર બનવાના શમણાંઓનું આંજણ આંજેલું હતું... પણ ધીમે ધીમે તે ધોવાતું ગયું.'



ડેની ડેન્ઝોમ્પાએ વિજય માલ્યાને નોર્થ-ઈસ્ટમાં ઘૂસવા ન દેવા રૂપિયા ૪૦ કરોડનું રોકાણ કર્યું

બોલિવુડનો ખૂંખાર વિલન ડેની ડેન્ઝોપાએ ૧૯૭૦ના દાયકામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સપોર્ટિંગ રોલથી કારકિર્દી શરૂ કરી હતી. પછીથી જોકે તેને એક ખૂનખાર વિલનની ઓળખ મળી હતી. અભિનેતાનો જન્મ સિક્કીમમાં થયો હતો. ડેનીએ સમય જતાં બોલીવૂડમાં પોતાનું સ્થાન જમાવી દીધું હતું. પરંતુ પછીથી તેને પોતાના વતનની યાદ આવતી હોવાથી સિક્કીમમાં સફળ બ્રૂઅરી બિઝનેસ શરૂ કર્યો.

૨૦૦૫માં ડેનીએ પોતાનો એમ્પાયર વધારવાનો નિર્ણય લીધો હતો. તેમણે ઓડિસામાં ડેન્ઝોંગ બ્રૂઅરીઝ શરૂ કરી હતી. ચાર વરસ પછી તેમણે આસામમાં રાઈનો એજન્સીઝ લિમિટેડને એક્વાયર કરી.

ડેનીએ પોતાની બ્રૂઅરીનું નામ સિક્કિમના પોતાના ગામ યુકસોમ પરથી રાખ્યું હતું. તેણે ૧૯૮૭માં નાના પાયે કંપનીની શરૂઆત કરી હતી. હવે આ તેની આ બ્રૂઅરી નોર્થ-ઈસ્ટના એરિયાની સૌથી મોટી બ્રૂઅરી બની ગઈ હતી.

૨૦૦૫માં ડેનીએ પોતાનો એમ્પાયર વધારવાનો ફેંસલો કર્યો હતો. તેણે ઓડિસામાં ડેન્ઝોંગ બ્રૂઅરીઝ શરૂ કરી હતી. જેના ચાર વરસ પછી તેણે આસામમાં રાઈનો એજન્સીઝ લિમિટેડને એક્વાયર કર્યો. ૨૦૦૯ના એક રિપોર્ટના અનુસાર, ડેનીએ રાઈનો એજન્સીઝ લિમિટેડને ૪૦ કરોડ રૂપિયામાં એક્વાયર કરી હતી.આ દરમિયાન વિજય માલ્યા યૂનાઈટેડ બ્રૂઅરીઝને નોર્થ-ઈસ્ટ માર્કેટમાં એન્ટ્રી મેળવવાના પ્રયાસ કરી રહ્યો હતો. જ્યારે બીજી બાજુ ડેની આ સ્પેસને પ્રોટેક્ટ કરવા માંગતો હતો. તે સારી રીતે સમજી ગયો હતો કે જો યૂનાઈટેડ બ્રુઅરીઝ એ સ્પેસમાં એન્ટ્રી કરે તો ડેનીને ભારે નુકસાન ઉઠાવવું પડે તેમ હતું. વિજય માલ્યાની કંપની એક મલ્ટી-મિલિયન ડોલર કંપની હતી. ડેનીએ પોતાના બ્રૂઅરી વ્યવસાયને વધારવાનો શરૂ કરી દીધું હતું અને તેમાંથી તે ખાસ્સી કમાણી કરતો હતો.

૨૦૧૮માં ડેનીએ એક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, તે મારો વ્યવસાય ધમધમતો હોવાથી મેં એ પછી મુંબઈમાં ગરમીના દિવસોમાં શૂટિંગ નહીં કરવાનો નિર્ણય લઈ લીધો હતો. તેથી તેણે બોલીવૂડના પ્રોડ્યૂસર-ડાયરેકટરો સાથે શરત રાખી હતી કે તે મુંબઈમાં ફક્ત શિયાળામાં એટલે કે નવેમ્બર મહિનાથી જાન્યુઆરી વચ્ચે જ શૂટિંગ કરશે. આ દિવસો સિવાય તેને મુંબઈમાં કામ કરવાનું કદી મન થતું નહોતું. તેણે રવિવારે પણ શૂટિંગ નહીં કરવાનો નિર્ણય જણાવી દીધો હતો. તેણે પોતાની રીતે જ કામ કરવાનો અને જીવન જીવવાનો નિર્ણય લઈ લીધો હતો. ડેનીએ ૨૦૧૦માં રજનીકાન્તની એંથઈરનમાં વિલનની ભૂમિકા ભજવી હતી. બેબી ઔર શબાના જેવી ફિલ્મમાં પણ ખાસ રોલ કર્યો હતો. ફિલ્મમોમાં તે છેલ્લે સૂરજ બડજાત્યાની ફિલ્મ ઊંચાઈમાં જોવા મળ્યો હતો. ■



ચન્દ્રશેખર સામેનો ૨૦૦ કરોડનો કેસ નોરા ફતેહીનો કેડો નથી મુકતો

ગર મહેનતે કરોડો રૂપિયા ઘરભેગા કરવાની લાહ્યમાં બોલિવુડના એક્ટરોના પગ કુંડાળામાં પડી જાય છે. બે ગ્લેમરસ એક્ટ્રેસ - જેકલિન ફર્નાન્ડીસ અને નોરા ફતેહી એનો તાદ્રશ દાખલો છે. કરોડો રૂપિયાની ખંડણી અને બીજા ફોજદારી કેસના આરોપી સુકેશ ચન્દ્રશેખર પાસેથી મોંઘીદાટ ગિફ્ટસ લેવાના આરોપ હેઠળ જેકલીન વરસોથી દિલ્હીની અદાલતોના ચક્કર કાપી રહી છે. હવે એમાં બોલિવુડની 'આઈટમ ગર્લ' નોરા ફતેહીનો વારો આવ્યો છે. નોરાએ સોમવાર, ૧ નવેંબરે ચન્દ્રશેખર સામેના એક ખંડણીના કેસમાં ફરિયાદ પક્ષની સાક્ષી તરીકે દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટમાં હાજર રહેવાનું હતું. પરંતુ એ હાજર ન રહેતા કોર્ટના સ્પેશ્યલ જજ ગગનદીપ સિંહે નવેસરથી એની વિરુદ્ધ સમન્સ જારી કરી એને છ નવેમ્બરે અદાલતમાં હાજર રહેવા આદેશ આપ્યો છે.

કેસની સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે અમે નોરાને સમન્સ મોકલ્યા છે પણ એ આવવાની છે કે નહિ એ વિશે અમે કાંઈ જાણતા નથી. ત્યારે એક્ટ્રેસના વકીલે કોર્ટમાં આવી પોતાની અસીલને હાજર રહેવામાંથી મુક્ત રાખવાની માગણી કરતી પિટીશન નોંધાવી હતી.

નોરા ફતેહીની દિલ્હી પોલીસની આર્થિક ગુના પાંખે આ અગાઉ પણ ચન્દ્રશેખર અને એની પત્ની લીના મારિયા સાથેના કહેવાતા સંબંધો બદલ કલાકો સુધી પૂછપરછ કરી હતી.

એથી જજે વકીલનો ઉધડો લેતા કહ્યું હતું કે એ (નોરા) એક સાક્ષી છે અને એણે આજે અહીં હાજર રહેવાનું હતું. એમનો આવો વ્યવહાર બરાબર નથી. કોર્ટને તમે હળવાશથી ન લો. કોર્ટે વકીલને પૂછ્યું હતું કે એક્ટરને ક્યારે બોલવાઈ હતી. વકીલે જવાબમાં કહ્યું હતું કે નોરાને ૨૯ ઓક્ટોબરે સમન્સની જાણ કરાઈ હતી. આ કેસમાં ઠગભગત સુકેશ ચન્દ્રશેખરે ૨૦૨૦-૨૧ દરમિયાન દિલ્હીની રોહિણી જેલમાં બેઠા બેઠા પોતે સિનીયર સરકારી અધિકારી હોવાનો સ્વાંગ રચી રેનબકસીના માજી પ્રમોટર શિવિન્દર મોહન સિંઘના પત્ની અદિતિ સિંઘ પાસેથી ૨૦૦ કરોડ રૂપિયા પડાવ્યા હોવાનો આરોપ છે. અદિતિએ આટલી મોટી રકમ પોતાના પતિને જેલમાંથી છોડાવવા માટે ચન્દ્રશેખરને ચુકવી હોવાની ફરિયાદ છે.

ફિલ્મમાં એક સેક્સી આઈટમ સોંગ કરવા બે કરોડ રૂપિયા સુધીની ફી લેતી ફતેહીનો કાયદા સાથે આ પહેલીવાર પનારો નથી પડ્યો. દિલ્હી પોલીસની આર્થિક ગુના પાંખે નોરાની અગાઉ પણ ચન્દ્રશેખર અને એની પત્ની લીના મારિયા પાઉલોસ સાથેના એમના કહેવાતા સંબંધો બદલ કલાકો પૂછપરછ કરી હતી.

પોલીસે ભારતીય ન્યાયસંહિતાની કલમ ૧૬૪ હેઠળ નોરાનું નિવેદન નોંધ્યું હતું અને પછીથી સપ્લીમેન્ટ્રી ચાર્જશીટમાં એને ફરિયાદ પક્ષની એક સાક્ષી ગણાવી હતી. નોરાએ તપાસ કરતા અધિકારીઓને એમ કહ્યું હતું કે હું ચન્દ્રશેખરની પત્ની મારફત એના પરિચયમાં આવી હતી.

ચેન્નઈમાં ડિસેંબર, ૨૦૨૦માં એક ઈવેન્ટમાં હાજરી આપવા સંબંધમાં પણ ફતેહીની પૂછપરછ થઈ હતી. ■



અભિષેક બચ્ચન: મારી મમ્મી વ્હોટસએપ ગ્રુપમાં સૌથી વધુ સક્રિય

ભાઈ-બહેન અભિષેક બચ્ચન અને શ્વેતા બચ્ચન કરણ જોહરના ચેટ શોમાં ગેસ્ટ તરીકે આવ્યા હતાં જેમાં તેમણે પોતાના પરિવાર વિશે વાતો કરી હતી.

અભિષેક અને શ્વેતાને ફેમિલિ વ્હોટસ ગ્રુપમાં સૌથી વધુ સક્રિય પરિવારની કઈ વ્યક્તિ હોવાનો પ્રશ્ન પુછવામાં આવ્યો હતો ત્યારે અભિષેકે જણાવ્યુ હતુ કે, મમ્મી, પોલિટિશિયન અને અભિનેત્રી જયા બચ્ચન મોસ્ટ એકટિવ પર્સન છે. તે રોજ સવારે ગ્રુપમાં સવારે સેન્ટીમેન્ટલ અને ઈમોશનલ વીડિયોઝ પણ શેર કરતી હોય છે. ભાઈ-બહેને પિતા અમિતાભ વિશે જણાવ્યું હતું કે, તેઓ બ્લોગ અને ટ્વિટર પર વધુ સક્રિય હોય છે. તેઓ પરિવારના વ્હોટસ અપ ગ્રુપ પ્રત્યે બેધ્યાન રહેતા હોય છે. તેમને કોઈ ખાસ સંદેશો હોય તો તેમને અલગથી સંદેશો પાઠવવો પડતો હોય છે અને પછી તે વ્હોટઅપ પરનો મેસેજ જુએ છે.



અભિષેકે વધુમાં કહ્યું હતું કે, અમારા પરિવારમાં જ્યાર પણ કોઈ ફ્લાઈટમાં બેસે અથવા ઊતરે ત્યારે વ્હોટઅસ ગ્રુપ પર મેસેજ મુકવો જરૂરી છે. એક વખત તો પિતાએ હદ કરી નાખી હતી. મમ્મી જયા બચ્ચન મુંબઈની બહાર ગઈ હતી તે સંદેશો પિતાએ જોયો જ નહોતો અને તેમણે તે મુંબઈ પાછી ફરી ત્યારે સેફ જર્નીનો સંદેશ તેને મોકલ્યો હતો.

અભિષેકે વધુમાં એમ પણ કહ્યું હતું કે, ઐશ્વર્યા રાય બચ્ચન પણ વ્હોટસઅપ પર બહુ સક્રિય હોતી નથી. તે તો કોલ અથવા મેસેજના ઉત્તર આપવામાં પણ બહુ વાર લગાડતી હોય છે.

શ્વેતાએ જણાવ્યું હતું કે અભિષેકને જોતાં જ માતાની આંખમા ચમક આવી જતી હોય છે. જ્યારે અભિષેકે શ્વેતાને પિતા અમિતાભની સૌથી લાડકી દીકરી કહેવાની સાથેસાથે કહ્યું હતું કે પિતાની સામે ભગવાન પણ આવી જશે તો પિતા માટે પ્રાથમિકતા શ્વેતા જ હશે.

શ્વેતાએ ભાઈ અભિષેકના બાળપણની આદતો વિશે કહ્યું હતું કે તેને અંગૂઠો ચૂસવાની અને પથારી ભીની કરવાની આદત હતી. ■

રુહાનિકા ધવને કાર તો લીધી પણ ડ્રાઈવિંગ નથી આવડતું

એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં તમને નસીબના અવનવા કરીકરીને દાયકાઓ સુધી જાત ઘસી નાખનાર એક ઘર કે કાર નથી ખરીદી શકતો. જ્યારે ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે સીરિયલોમાં ડેબ્યુ કર્યા બાદ હજુ હમણાં જ ફુલફ્લેજ્ડ એક્ટ્રેસ બનેલી યુવતી લકઝરી કારમાં ફરતી થઈ જાય છે. રુહાનિકા ધવનનો દાખલો તાજો જ છે. માત્ર ૩ વરસની કાચી વયે બાળકલાકાર તરીકે ડેબ્યુ કરનાર રુહાનિકા 'યેં હૈં મોહબ્બતેં' અને 'મેરે સાઈ' જેવી ટીવી સીરિયલો માટે જાણીતી છે. એણે 'ઘાયલ વન્સ મોર' (૨૦૧૬) અને 'જય હો' (૨૦૧૪) જેવી ફિલ્મોમાં પણ ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કામ કર્યું છે. હવે ૧૯ વરસની ઉંમરે મિસ ધવન 'ખતરોં કે ખિલાડી'માં સૌથી નાની સાહસિક કોન્ટેસ્ટંટ તરીકે જોવા મળી છે. નવાઈની વાત એ છે કે ઓટીટી શોઝ અને ફિલ્મોમાં સ્થાયી થવા મથી રહેલી રુહાનિકાએ નવી-નક્કોર લકઝરી કાર ખરીદી લીધી છે. મજાની વાત એ છે કે પોતાની વ્હાઈટ કારમાં સ્ટીયરિંગ પકડીને ફોટા પડાવનાર માસુમ ચહેરો ધરાવતી ધવનને હજુ કાર ચલાવતા આવડતી નથી. એ હજુ ડ્રાઈવિંગ શીખી રહી છે. એની નિખાલસ કબુલાત કરતા રુહાનિકા કહે છે, 'અત્યારે તો હું ડ્રાઈવિંગ શીખી રહી છું. એક વાર ડ્રાઈવિંગ પર હાથ બેસી જાય એટલે મારે બ્યુટીને લઈને હિલ સ્ટેશનોનું કુદરતી સૌંદર્ય માણવા નીકળી પડવું છે. મને પહેલેથી પ્રવાસ કરવો ગમે છે એટલે હું રોડ ટ્રિપ્સ પર ક્યારે નીકળવા મળશે એની આતુરતાથી વાટ જોઈ રહી છું.' પોતાની આ સિદ્ધી મમ્મી-ડેડી માટે એક વિશેષ પ્રસંગ બની ગયો છે કારણ કે તેઓ ડગલેને પગલે મારી પડખે ઊભા રહ્યા છે. 'એમનો હરખ ક્યાંય માતો નથી. રેડે તો લગભગ પોતાના બધા મિત્રોને કોલ કરી કાર ખરીદ્યાના ગુડ ન્યુસ આપી દીધા છે. મોમ પણ એટલી જ ખુશ છે. એમની પ્રતિક્રિયા જોઈને હું તો ધન્ય ધન્ય થઈ ગઈ કારણ કે એમણે મને કેટલો સપોર્ટ આપ્યો છે એ હું જાણું છું,' એમ રુહાનિકા કહે છે.

'ખતરોં કે ખિલાડી'માં ખતરનાક સ્ટંટસ કરીને એક્ટ્રેસ લાઈમલાઈટમાં આવી ગઈ છે. શોના હોસ્ટ રોહિત શેટ્ટી એ કોન્ટેન્સ્ટંટસમાં સૌથી નાની હોવાથી સ્ટંટ્સ માટે હિંમત આપતા રહે છે.

'મારામાં સારું કામ કરવાની કુદરતી ભૂખ છે. મારે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. લાઈફ અને કરીઅરમાં મારે ઘણું બધુ મેળવવું છે. કાર આવ્યા બાદ મારામાં એ માટેનું મોટિવેશન આવી ગયું છે.'

હવે રુહાનિકા ઓટીટી અને ફિલ્મોમાં પગદંડો જમાવવા પ્રયાસ કરી રહી છે. લોકોમાં જાણીતી થવા એણે મુંબઈની ઘણી કમર્સિયલ નવરાત્રિઓમાં હમણાં સામે ચાલીને હાજરી આપી હતી.

ધવન સાઉથ ઈન્ડિયાની ફિલ્મોમાં કામ કરવા પણ આતુર છે. કદાચ એટલા માટે કે એ જાણે છે કે તમન્ના ભાટિયા અને તાપસી પન્નુ જેવી અમુક હિરોઈનોએ સાઉથની ફિલ્મો કર્યા બાદ બોલિવુડમાં એમનો માર્ગ એકદમ સરળ બની ગયો હતો.

રુહાનિકા એની વયના પ્રમાણમાં ખાસ્સી મેચ્યોર છે. એ જમીન પર પગ રાખીને ચાલવામાં માને છે. મોંઘીદાટ લકઝરી એસયુવીની ખરીદીને પોતાની લાઈફનું એક માઈલ સ્ટોન (સીમા-ચિન્હ) ગણાતી ટિપિકલ મુંબઈ ગર્લ કહે છે, 'મારું એવું માનવું છું કે આ તો હજી શરૂઆત છે. કાર ખરીદીને મને એવું નથી લાગતું કે મેં કોઈ શિખર સર કરી લીધું છે. મારામાં સારું કામ કરવાની કુદરતી ભૂખ છે. મારે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. લાઈફ અને કરિઅરમાં મારે ઘણું બધુ મેળવવું છે. કાર આવ્યા બાદ મારામાં એ માટેનું મોટિવેશન આવી ગયું છે.'

રુહાનિકાને નાનપણથી જ કારનું વિશેષ આકર્ષણ રહ્યું છે. બાળપણમાં એ કલાકો પોતાની રમકડાંની કાર્સને નિહાળ્યા કરતી અને મનોમન વિચારતી કે મોટી થઈને હું ઘણી કાર્સ વસાવીશ. ટોય કાર્સમાં ડિફેન્ડર એની સૌથી ફેવરિટ હતી. ■

મેઈન કેરેક્ટર એનર્જી શીખવાડતી ફિલ્મ: અર્થ

ભાગ્યે જ એવું બને કે, એકાધિક તગડા એક્ટર્સ એવી ફિલ્મમાં સાથે જોવા મળે જેની સ્ટોરી સારી હોય. મહેશ ભટ્ટની 'અર્થ' આવી જ એક રેર ફિલ્મ છે, જેમાં શબાના આઝમી, સ્મિતા પાટીલ, રોહિણી હટ્ટંગડી જેવી દમદાર અભિનેત્રીઓએ કામ કર્યું છે. જગજીત સિંહ અને ચિત્રા સિંહે આપેલું અદ્‌ભુત મ્યુઝિક ફિલ્મને એક અલગ ઊંચાઈએ લઈ જાય છે.

દાસ્તાન-એ-સિનેમા
નિનાદ ગજ્જર

ગ્લિશમાં એક શબ્દ છે, એક્સપ્લોર. આ શબ્દનો ઉપયોગ મહદ અંશે સારી જગ્યાએ થાય છે. જેમ કે, કોઈ બાઈકર હોય તો તે લદ્દાખ જેવા કુદરતી ખજાનાને એક્સપ્લોર કરવા જાય. કોઈ ફૂડી હોય તો તે જે ફૂડ આઈટમનું નામ પણ બરાબર પ્રોનાઉન્સ ન કરી શકતો હોય પરંતુ, તેને મેનૂમાં આંગળી ચીંધીને બતાવે અને ઓર્ડર કરે. નવું ફૂડ એક્સપ્લોર કરે. કોઈ પુસ્તક પ્રેમી હોય તો લાઈબ્રેરીમાં જાય. જે વિષયના પુસ્તકો જીવનમાં ન વાંચ્યા હોય તે વાંચે. નિત નવા પુસ્તકો એક્સપ્લોર કરે. કોઈ અનેક પ્રકારના મ્યુઝિકને એક્સપ્લોર કરે. સૂર-તાલને સમજવાનો પ્રયાસ કરે. સંગીતને માણે. જેને સંસ્કૃતિ, સભ્યતા અને કળા વિશે જાણવા-સમજવાની ઈચ્છા હોય તે પ્રાચીન શહેરોના મ્યુઝિયમ્સને એક્સપ્લોર કરે. તેમાંથી શીખે. પોતાના જ્ઞાનને આગળ ધપાવે. આમ, આ એક્સપ્લોર શબ્દનો ઉપયોગ જિજ્ઞાસા અને આત્મશોધ માટે થાય છે. પરંતુ, આજકાલ આ શબ્દનો યુઝ રિલેશનશિપમાં થવા લાગ્યો છે.

એક દિવસ અચાનક પતિ કે પત્ની ૧૫-૨૦ વર્ષના મેરેજ પછી કહે કે, હું એક્સપ્લોર કરવા માંગું છું. ત્યારે, સંબંધોમાં એક પ્રકારનો ધરતીકંપ આવે. તેમની આસપાસના લોકો ઈમ્પ્લોર (વિનંતી) કરે. પણ, જે તિરાડ એક્સપ્લોરથી પડી તે ક્યાં જવાની.? મહેશ ભટ્ટની જ વાત લઈ લો. તેમને એક્સપ્લોર શબ્દનો ઈમ્પેક્ટ વર્ષો પહેલા સમજાયો હતો. લગ્ન કિરણ ભટ્ટ સાથે કર્યા હોવા છતાં પરવીન બાબીના પ્રેમમાં પડ્યા. એક રિલેશનશિપમાં હોવા છતાં બીજી રિલેશનશિપને એક્સપ્લોર કરી રહ્યા હતા. હિંમત તેમની બિરદાવવા જેવી કારણ કે, પોતાની જ કહાણી પરથી પ્રેરણા લઈને એક ફિલ્મ બનાવી, 'અર્થ'. ૧૯૮૨માં રીલિઝ થયેલી સંબંધોના આટાપાટા સમજાવતી ફિલ્મ આજની તારીખમાં પણ પ્રાસંગિક છે.

મેઈન કેરેક્ટર એનર્જી ગર્લ એટલે પૂજા

આજકાલ મેઈન કેરેક્ટર એનર્જીની ખૂબ વાતો થતી હોય છે. આ વાતો સોશિયલ મીડિયાની પોસ્ટ્સ સુધી સીમિત રહેતી હોય છે. અસલ જીવનમાં આ એનર્જી લાવવી મુશ્કેલ છે. પહેલા સમજીએ મેઈન કેરેક્ટર એનર્જી એટલે શું? સિમ્પલ વર્ડ્સમાં કહીએ તો, મેઈન કેરેક્ટર એનર્જી એટલે 'હું જ મારી પ્રાથમિકતા છું'નો વિચાર. કોઈપણ વ્યક્તિ કહે કે, તેની ફિલ્મનો હીરો કે હીરોઈન તે પોતે જ છે. બસ, ત્યારે કહી શકાય કે, તેનામાં મેઈન કેરેક્ટર એનર્જી છે. આ ફિલ્મના સેન્ટરમાં પૂજા (શબાના આઝમી)નું જે કેરેક્ટર છે, તે આવી જ મેઈન કેરેક્ટર એનર્જીવાળું છે.

પૂજા એવી છોકરી કે જે અનાથ છે. અનાથાલયમાં જ ઉછરી. તે હંમેશાથી ઈચ્છતી કે, તેનું એક ઘરનું ઘર હોય. ઈન્દર (કુલભૂષણ ખરબંદા) સાથે પ્રેમ અને પછી લગ્ન થાય છે. બંને સુખેથી ભાડાના મકાનમાં રહેતા હોય છે. અને એક દિવસ અચાનક મકાન-માલિક કહી દે કે છે કે, તાત્કાલિક ઘર ખાલી કરી દો. જીવનમાં સિક્યોરિટી કોને કહેવાય તેનો અહેસાસ માત્ર કરી રહેલી પૂજાના માથે આભ તૂટી પડે છે. કહાણીમાં અહીં ટ્વીસ્ટ આવે છે. ઈન્દર તેના માટે નવા ઘરની ચાવી લઈને આવે છે. પૂજાના જીવનનું સપનું અહીં પૂર્ણ થતું જોવા મળે છે. ઈનસિક્યોરિટીમાંથી પૂજાને એવી સિક્યોરિટી મળે છે, જે તેના જીવનનો એકમાત્ર લક્ષ્યાંક હોય છે.

બધું જ બરાબર ચાલી રહ્યું હોય છે અને અચાનક પૂજાના જીવનની સૌથી મોટી પરીક્ષા આવે છે. જેમ સાપસીડીમાં થાય તેવું પૂજા સાથે થાય છે. જીવનની સાપસીડીમાં ઉપર પહોંચેલી પૂજા ધડામ કરીને નીચે પછડાય છે. ઈન્દરના જીવનમાં કવિતા (સ્મિતા પાટીલ)ની એન્ટ્રી થાય છે. તેને ખબર પડે છે કે, જે ઘરને તે પોતાનું સમજી રહી હતી, તે તો કવિતાની દેન છે. પૂજાને માંડ મળેલી તમામ પ્રકારની સિક્યોરિટી છીનવાઈ જાય છે. આ પ્રસંગ એવો કે, એક બાળકને રમકડું રમવા આપ્યું અને તરત જ છીનવી લીધું. આ સાથે જ ફિલ્મમાં સૌથી ઊંડો સવાલ પૂછવામાં આવે છે કે, જે વસ્તુ-વ્યક્તિને તમે પોતાની ઓળખ માની લો છો, તે જ વસ્તુ કે વ્યક્તિ તમારી પાસેથી છીનવી લેવામાં આવે તો તમારી પાસે શું બચે?

ફિલ્મ અહીં શીખવાડે છે કે, કશું જ ન રહે ત્યારે વ્યક્તિની મેઈન કેરેક્ટર એનર્જી કામમાં લાગે છે. જેને જીવન માન્યું તે તમામ ગુમાવ્યા બાદ પણ પૂજા હિંમત નથી ગુમાવતી. તે કવિતાનું ઘર છોડીને હોસ્ટેલનો સહારો લે છે. પ્રયાસ કરનાર વ્યક્તિ આજે નહીં તો કાલે સફળ થાય તેવું પૂજા સાથે થાય છે. તેને સારી નોકરી મળે છે. અને એક નિસ્વાર્થ વ્યક્તિ રાજ (રાજ કિરણ)નો સાથ મળે છે.

ફિલ્મમાં પેરેલલ સ્ટોરી

આપણે પોતાને એક સવાલ હંમેશા પૂછતાં રહેવું જોઈએ કે, કોઈને આપેલી શીખામણનો અમલ આપણે પોતે કરીએ છીએ કે નહીં? પૂજાની સાથે જ ફિલ્મમાં પેરેલલ સ્ટોરી તેની કામવાળી બાઈ (રોહિણી હત્તંગડી)ની ચાલે છે. આ કામવાળી બાઈ પૂજા માટે એક પાઠ બને છે કારણ કે, પૂજા તેને સલાહ આપતી રહેતી હોય છે કે, પતિ દારુ પીને ઘરે માર-પીટ કરે તો સહન નહીં કરવાનું. આમ નહીં કરવાનું. તેમ નહીં કરવાનું. સ્ટેન્ડ લેવાનું. સંજોગ એવા બને છે કે, પૂજાએ સ્ટેન્ડ લેવાનો વારો આવે છે. જાણે તેની કામવાળી બાઈ તેને પૂછતી હોય તેવી ઘટનાઓ ઘટે છે. પૂજા પહેલા તો ભાંગી પડે છે પણ પછી મેઈન કેરેક્ટર એનર્જીમાં આવીને નિર્ણય લે છે.

વકીલની ચોક્કસ સલાહ

ઈન્દર પૂજા પાસે જબરજસ્તી ડિવોર્સના પેપર્સ સાઈન કરાવે છે. ત્યારબાદ, પૂજા વકીલની સલાહ લેવા જાય છે. આ દરમિયાન વકીલ તેને ગોલ્ડન રૂલ સમજાવે છે. તે કહે છે કે, હાલ ઝઘડો થયો છે પણ પહેલા મનમેળ હતો કે નહીં..? અને જો હતો તો એ નક્કી માનવું કે, તે વ્યક્તિ પાછો જરૂર આવશે. તમે આ ઉતાવળમાં ડિવોર્સ પેપર્સ સાઈન કર્યા છે. તેમ નહોતું કરવાનું. જીવનના આવા નિર્ણયો આવેશમાં આવીને ન લેવા.

શબાના આઝમી, સ્મિતા પાટીલ, રોહિણી હટ્ટંગડી

ફિલ્મમાં શબાના આઝમી, સ્મિતા પાટીલ અને રોહિણી હટ્ટંગડીની દમદાર એક્ટિંગ જોવા મળે છે. અનેક રિપોર્ટસમાં કહેવામાં આવ્યું હતું કે, શબાના આઝમી અને સ્મિતા પાટિલ વચ્ચે સંબંધો સારા નહોતા. વાત ખોટી કે સાચી ખબર નહીં. પરંતુ, આ ફિલ્મમાં તેની અસર લેશમાત્ર નથી જોવા મળતી. શબાના આઝમીએ બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ એવોર્ડ અને ફિલ્મફેર જીત્યો.









જ્યારે, રોહિણી હટ્ટંગડીને પૂજાની કામવાળી બાઈના રોલ બદલ બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો ફિલ્મફેર મળ્યો. સ્મિતા પાટીલ પણ સપોર્ટિંગ એક્ટ્રેસના એવોર્ડ માટે નોમિનેટ થયા હતા.

જગજીત સિંહ અને ચિત્રા સિંહનું મ્યુઝિક

અર્થનું મ્યુઝિક એક માઈલસ્ટોન છે. કૈફી આઝમી, રાજેન્દ્ર નાથ રેહબર અને ઈફ્તિખાર ઈમામ સિદ્દિકીએ લખેલી ગઝલો અને પતિ-પત્ની જગજીત સિંહ અને ચિત્રા સિંહનું અદભુત મ્યુઝિક, ફિલ્મને અલગ લેવલ પર લઈ જાય છે. ઉલ્લેખનીય છે કે, કૈફી આઝમી એટલે શબાના આઝમીના પિતા. પિતાએ લખેલી ગઝલો દીકરીની ફિલ્મમાં આવે ત્યારે તેની વાત કંઈક ઔર હોય, તેવું જ ફિલ્મમાં જોવા મળે છે. 'તુમ ઈતના જો મુસ્કુરા રહે હો', 'કોઈ યે કૈસે બતાયે' અને 'ઝુકી ઝુકી સી નજર' એવરગ્રીન ગઝલો છે. રાજેન્દ્ર નાથ રેહબરે લખેલી 'તેરી ખુશ્બૂ મેં બસે ખત' અને ઈફ્તિખાર ઈમામ સિદ્દિકીએ લખેલી 'તુ નહીં તો ઝિંદગી મૈં...' સાથેનું આલ્બમ સાંભળીને થાય કે, જગજીત સિંહ અને ચિત્રા સિંહની જોડીએ વધુ ફિલ્મોમાં મ્યુઝિક આપ્યું હોય તો કેટલું સારું. ખાસ વાત એ છે કે ગઝલો માત્ર મનોરંજન માટે નથી લેવામાં આવી. તેને એટલા માટે નથી લેવામાં આવી કે, ફિલ્મની વધારે પબ્લિસિટી થશે. તે ફિલ્મના કેરેક્ટર્સની અંદર ચાલી રહેલી લાગણીઓ દર્શાવે છે. 'કોઈ યે કૈસે બતાયે કિ વો તનહા ક્યોં હૈ'માં એકલતાનો જે અહેસાસ છે, તે પૂજાની માનસિક સ્થિતિને અવાજ આપે છે. 'તુમ ઈતના જો મુસ્કુરા રહે હો, ક્યા ગમ હૈ જિસકો છુપા રહે હો'માં સ્મિત પાછળ છુપાયેલા દુઃખની વાત છે. કૈફી આઝમીના શબ્દો અને જગજીત સિંહના અવાજે ફિલ્મની લાગણીઓને એક અલગ જ ઊંચાઈ આપી હતી.

'અર્થ'ની તમિલ રીમેક

સારી વાર્તા હોય તેનો અનેક ભાષાઓમાં અનુવાદ કરવામાં આવે. તેમ આ ફિલ્મ તમિલમાં 'મરુપડિયુમ' તરીકે બનાવાઈ. જે ૧૯૯૩માં રીલિઝ થઈ. આ ફિલ્મને પણ સારો પ્રતિસાદ મળ્યો હતો.

મહેશ ભટ્ટ અને સ્વીકારની તાકત


સ્વીકારની તાકત હોય છે. જે આ ફિલ્મ થકી જોવા મળે છે. આ ફિલ્મ પહેલા મહેશ ભટ્ટની ચાર ફિલ્મો આવી હતી. 'મંઝિલેં ઔર ભી હૈં' (૧૯૭૪), 'વિશ્વાસઘાત' (૧૯૭૭), 'નયા દૌર' (૧૯૭૮) અને 'લહૂ કે દો રંગ' (૧૯૭૯) આ તમામની ખાસિયત એ કે, આમાંની એક પણ ફિલ્મ કંઈ ખાસ નહોતી ચાલી. પોતાના અંગત જીવનમાં આવેલા ઉતાર-ચઢાવ પછી તેઓ એવી ફિલ્મ બનાવવા માગતા હતા, જેમાં લાગણીઓની બનાવટ ન હોય. તેમણે નક્કી કર્યું કે આ વખતે માર્કેટની ડિમાન્ડ પ્રમાણે નહીં, પરંતુ પોતાના અનુભવ પ્રમાણે ફિલ્મ બનાવવી. આ નિર્ણયમાંથી 'અર્થ'નો જન્મ થયો. ફિલ્મના પ્રોડ્યુસર કુલજીત પાલ હતા. ફિલ્મની સ્ટોરી અને સ્ક્રીનપ્લેના ક્રેડિટ્સ માટે યુનિવર્સિટી ઓફ આયોવાના ઈન્ડિયન સિનેમા આર્કાઈવમાં મહેશ ભટ્ટ અને સુજિત સેનનાં નામ નોંધાયેલાં છે. આ ફિલ્મના માધ્યમથી મહેશ ભટ્ટ પોતે જેવા હતા તેવા દેખાયા. કદાચ, એટલે ફિલ્મ દર્શકોને ખૂબ પસંદ આવી. ■

ગુલઝારે કર્યું મુંબઈના નમકનું ઋણ અદા

'મુંબઈની સૌથી મોટી મુશ્કેલી એ હતી કે અહીં કોઈપણ ભાષા બોલતા લોકો સરળતાથી સમાઈ જતાં. જો આ મહાનગરમાં પ્રત્યેક ભાષાનો સરળતાથી સ્વીકાર ન થાત તો લોકો આપોઆપ મરાઠી શીખી જાત.'

બોલિવુડના જાણીતા ગીતકાર, પટકથા લેખક, દિગ્દર્શક અને ઊર્દુ ભાષાના 'રખેવાળ' ગુલઝાર ૯૨ વર્ષની વયે પણ લોરોના દિલને સ્પર્શી શકે છે. આ મહાનગરને પોતાની કર્મભૂમિ બનાવનાર ગુલઝારે તાજેતરમાં યોજાયેલા 'એક શાયર ઈસ શહર મેં: અ પોએટ્સ લવ લેટર ટુ હિસ સિટી' નામના કાર્યક્રમમાં પોતાના પુસ્તક આમચી મુંબઈ: માય સિટી ઈન સ્ટોરીઝ એન્ડ પોએમ્સ'ની રચનાઓ રજૂ કરીને જાણે કે મુંબઈનું ઋણ અદા કર્યું હતું.

પોતાની કલમ પર મુંબઈનો, અહીંની પચરંગી વસતિનો, અહીંના વાતાવરણનો કેવો અને કેટલો પ્રભાવ પડ્યો તેનું વર્ણન શાયરાના અંદાજમાં કરતાં કહે છે કે 'હું મુંબઈ પાસેની શીખતો પણ રહ્યો અને બદલાતો પણ રહ્યો. મેં અહીંની હવામાં મુંબઈનું નમક (ખારાશ) ચાખી છે. આ પચરંગી શહેરના સમુદ્ર પરથી થઈને આવતી હવાની લહેરખીઓમાં ભળીને આવતી મુંબઈની ખારાશ માને રૂંવે રૂંવે સ્પર્શી ગઈ. મેં આ હવામાં લીધેલા શ્વાસના માધ્યમથી મારા શરીરમાં ગયેલા નમકનું ઋણ તો અદા કરવું જ પડે અને તમે એક વખત નમક ચાલી લો તો તમારી બધી વસ્તુઓ પણ નમકીન થઈ જવાની. તમે બહાર ફરી રહ્યાં હો ત્યારે ત્યાં ફરતાં- રહેતાં લોકો પણ તમને નમકીન લાગે. હું આ નમકનું ઋણ શી રીતે ચૂકવત. મારી રચનાઓના માધ્યમથી તેનું ઋણ અદા કરવાથી વધુ સારો માર્ગ બીજો ક્યો હોઈ શકે.



તેમણે પોતાના પુસ્તકનું નામ 'આમચી મુંબઈ' શા માટે રાખ્યું, ખાસ કરીને 'આમચી' શબ્દનો પ્રયોગ શા કારણે કર્યો તે જણાવતાં ગુલઝાર મુંબઈની ભાષા અને સંસ્કૃતિનો સંદર્ભ ટાંકે છે. તેઓ મહારાષ્ટ્રની રાજધાની વિશે ચાલેલી ચર્ચાઓના સમયમાં સરી પડતાં કહે છે કે 'મુંબઈની સૌથી મોટી મુશ્કેલી એ હતી કે અહીં કોઈપણ ભાષા બોલતા લોકો સરળતાથી સમાઈ જતાં. પરંતુ જો એવું ન હોત તો વધુ સારું થાત. જો આ મહાનગરમાં પ્રત્યેક ભાષાનો સરળતાથી સ્વીકાર ન થાત તો લોકો આપોઆપ મરાઠી શીખી જાત. પરંતુ દશકો અગાઉ જ્યારે ભાષાની ધરી પર મહારાષ્ટ્રની રાજધાનીને શું કહેવું તેનો નિર્ણય લેવામાં આવી રહ્યો હતો ત્યારે 'મુંબઈ કોણાચી?' નામે શ્લોગન આવ્યું હતું અને તેનો જવાબ હતો, 'મુંબઈ આમચી' અને મેં તેના પરથી મારા આ પુસ્તકનું નામ 'આમચી મુંબઈ' રાખ્યું. ગુલઝાર નિઃસંકોચપણે કબૂલે છે કે તેમની શાયરીઓ, કહાણીઓ, અહીંથી મળેલી પ્રત્યેક શીખમાં મુંબઈનું યોગદાન છે. આ શહેર મારું ભાગીદાર છે. મને મુંબઈ મારું પોતિકું લાગે છે. ■

ઝહીરને સોનાક્ષી સાથેનાં લગ્નનો કોઈ પ્રોફેશનલ લાભ નથી મળ્યો

સોનાક્ષી સિંહાએ ડેડી શત્રુઘ્ન સિંહા અને મોટા ભાઈઓ લવ અને કુશની નામરજી છતાં પોતાના સ્ટેડી બોયફ્રેન્ડ - ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા. સોનાક્ષી અને ઝહીરની શાદીને લઈને મિડીયામાં ઘણી ચર્ચા થઈ હતી અને ખાસ કરીને સિંહા ફેમિલીના બંગલા 'રામાયણ'માં મહાભારત જેવું ટેન્શન ઊભું થયું હતું. પરંતુ હવે બધુ થાળે પડી ગયું છે.

કપલને લીડ રોલમાં ચમકાવતી ડિરેક્ટર કરણ રાવલની ફિલ્મ 'તુ હૈ મેરી કિરણ' હાલમાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ફિલ્મમાં પોતાની ધારદાર આંખોથી ખોફ ફેલાવતા પાત્રમાં ઝહીરની એક્ટિંગના વખાણ થઈ રહ્યા છે.

મિડીયા સાથેના ઈન્ટરએક્શનમાં ઝહીર કહે છે, ઝહીર કહે છે, 'દેખિયે સર, ઐસા હૈ કિ પ્યાર ઔર જુનુન કે બીચમેં એક પતલી લકીર હોતી હૈ. એ પાતળી રેખાને ક્યારેય ઓળંગવી ન જોઈએ. જો તમે એ રેખા ઓળંગો છો તો સામી વ્યક્તિનો અનાદર કરો છો. જ્યારે કોઈ પ્રેમી એ લાઈન ક્રોસ કરવા પ્રયાસ કરે છે. ત્યારે એને ભયસૂચક રેડ સિગ્નલ દેખાય છે. પરંતુ લોકો જનૂનને પોતાનો પ્રેમ માની રેડ સિગ્નલને અવગણે છે. મોહબ્બતમાં આવા રેડ સિગ્નલ્સની ક્યારેય ઉપેક્ષા ન કરાય. અહીં તમને કહી દઉં કે અમારી ફિલ્મ પણ જનૂન અને પજેસીવનેસ (કબજાના પ્રબળ ભાવ)ને ગ્લોરિફાય નથી કરતી. પ્યારમાં ઘેલા થઈ જનૂની બનો એવો સંદેશ અમે નથી આપતા.'

'ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ મેળવવું સહેલું નથી. તમે ભલે કોઈ પણ હો અને તમારાં ગમે તેટલાં મોટાં કનેક્શન હોય, પણ તમારા પર એવા જ ફિલ્મમેકર મોટું રોકાણ કરશે જેને તમારા પર પુરો ભરોસો હોય.'

ઝહીરે શાદી બાદ પહેલીવાર ફિલ્મમાં સોનાક્ષી સાથે કામ કર્યું છે. 'અમે હસબન્ડ-વાઈફ એકદમ પ્રોફેશનલ એક્ટર છીએ. અમે અમારી પર્સનલ લાઈફને કદી સેટ પર સાથે નહોતા લાવતા બાકી, તમને કહી દઉં કે ફિલ્મનું શૂટિંગ શરૂ થયું ત્યારે અમે બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ જ હતા. વચ્ચે ચોમાસુ બેસતા બે મહીના શૂટીંગ બંધ રહ્યું એટલે અમે બંનેએ વિચાર્યું કે વરસાદને લીધે બે મહીના છુટ્ટી મળી છે તો ચાલો પરણી જઈએ. એટલે અડધી ફિલ્મમાં અમે બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ છીએ અને અડધીમાં પરણેલા પતિ-પત્ની છીએ. પરંતુ અમે અમારા સંબંધને કદી સેટ પર સાથે આવવા નહોતા દીધો. આમેય આ ફિલ્મ મારા માટે મહત્ત્વની હતી. એટલે હું સેટ પર સિરીયસ જ રહેતો. મનમાં એક જ ઈચ્છા હતી કે દર્શકો મારા કામને વખાણે અને મને વધુ કામ મળે.'

ઝહીર સફળ લગ્નજીવન માટે પતિ-પત્ની વચ્ચેના પ્રેમને સૌથી જરૂરી માને છે. સોનાક્ષી અને મને ખબર છે કે અમે એકબીજાને કેટલા ચાહીએ છીએ. એ સૌથી જરૂરી બાબત છે. એટલે અમારી વચ્ચે ઝઘડા પણ થાય ત્યારે કોઈ ટેન્શન નથી થતું. એટલા માટે કે મુઝે પતા હૈ કિ સોના મુઝસે કિતની મોહબ્બત કરતી હૈ ઔર ઉસે પતા હૈ કિ મૈં ઉસસે કિતના પ્યાર કરતા હું. આ તો નાની અમથી રકઝક છે. આવતી કાલે બધુ બરાબર થઈ જશે. ઈન શોર્ટ, પતિ-પત્નીએ એકબીજાને એવી અનુભૂતિ કરાવતી રહેવી જોઈએ કે એમને એકબીજા માટે કેટલો સ્નેહ છે. એને કારણે ઝઘડો થાય તો પણ બંનેને નિરાંતની નીંદર આવે. કારણકે બંનેને મનમાં ખાતરી છે કે સવારે જાગીશું, ત્યારે બધું નોર્મલ થઈ જશે,' એક્ટર કહે છે.

ઝહીર ઈકબાલને ૭ વરસની કરીઅરમાં ગણીગાંઠી ફિલ્મો જ મળી છે. સમાપનમાં એ વિશે અસંતોષ વ્યક્ત કરતા સોનાક્ષીનો શોહર કહે છે, 'કામ માટે હું બહુ બેચેન છું. હંમેશા કામની તલાશમાં રહુ છું. મારે સારું કામ કરવું છે સારા કાબેલ લોકો સાથે ફિલ્મો કરવી છે. ઘણું બધું કામ કરવું છે. પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દેખાય છે. એટલું કામ મેળવવું સહેલું નથી. તમે ભલે કોઈ પણ હો અને તમારા ગમે તેટલા મોટા કનેક્શન હોય. તમારા પર એવા જ ફિલ્મમેકર મોટું રોકાણ કરશે જેને તમારા પર પુરો ભરોસો હોય. કદાચ ભરોસો હોય તો પણ આજે ઈન્ડસ્ટ્રી એવા દોરમાંથી રિકવરી આસાન નથી. કઈ બાર અચ્છી પિક્ચર ભી નહીં ચલતી. પરંતુ મને કામની તલપ છે. એના માટે હું પ્રોડ્યુસર - ડિરેક્ટરને મેસેજ કરુ છું, કૉલ કરુ છું. ઓડિશન પણ આપતો રહું છું. મને વધુ કામ મળે એ માટે બધુ જ કરી છુટું છું.'

ઈન શોર્ટ, ઝહીરને સોનાક્ષી સાથેના લગ્નનો સમખાવાં પુરતો પ્રોફેશનલ લાભ નથી મળ્યો. ■



વિજય વર્મા: રામલીલાના જટાયુએ બોલિવુડમાં સારી જમાવટ કરી જાણી

'શું મેં હિંદી ફિલ્મી હીરોની વ્યાખ્યા બદલી નાખી છે, એમ? મને તો લાગે છે કે હું એક નવા જ બોલિવુડનો ચહેરો છું, કારણ કે હવે પહેલાં જેવી ટ્રેડિશનલ ફિલ્મો બનતી નથી.'

વરાત્રિ ગઈ અને અત્રતત્ર સર્વત્રી લંકાપતિ રાવણના પૂતળા બળાયા. ઠેર-ઠેર રામલીલા ભજવાઈ અને રામે રાવણનો વધ કરી દુષ્ટતા પર આશ્યનો વિજય દર્શાવાયો. ભગવાન રામ અને રામાયણનો બોલીવૂડ સાથે એક અતૂટ સંબંધ રહ્યો છે. ઘણાં એક્ટરોએ ફિલ્મોમાં આ જગ્યા પહેલાં રામલીલામાં રામાયણના વિવિધ પાત્રો ભજવ્યા છે. અનુ કપૂર અને ગુલશન ગ્રોવર જેવા કલાકારોમાં રામલીલા ભજવ્યા બાદ અભિનયના અંકુર ફૂટ્યા છે. એમાં વિજય વર્માનું નામ પણ ઉમેરવું પડે. હમણાં દશેરા ટાંકણે ટેલેન્ટેડ એક્ટરે એક ઈંગ્લિશ મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં પોતે ભજવેલા પાત્રોનું આકલન કરતા સ્ટેજ પર રામલીલા ભજવવાનો અનુભવ શેર કરતા કહ્યું, 'હું પૂણેમાં ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (એફટીઆઈઆઈ)માં તાલિમાર્થી હતો. ત્યારે મેં રામલાલા ભજવી છે. જયદીપ અહલાવત એમાં રાવણનું બીજા એક મિત્ર રામનું અને સની હિન્દુજા હનુમાનનું પાત્ર ભજવતા. જ્યારે મારા ભાગે જટાયુનો રોલ આવતો, પછીથી અમે સ્ટુડન્ટ્સે બનાવેલી એક શોર્ટ ફિલ્મમાં મેં સીતાનો રોલ પણ કર્યો. મેં સ્ક્રીન પર રાવણનું પાત્ર કદી ભજવ્યું નથી, પરંતુ મારા અમુક રોલમાં મેં લંકાપતિની લાક્ષણિકતાઓ મારી રીતે સામેલ કરી છે.'

ઈન્ટરવ્યુમાં હૈદરાબાદ અને રાજસ્થાન સાથે જોડાયેલા પોતાના સંસ્મરણો વાગોળતા વિજય કહે છે, 'આ બન્ને સ્થળો સાથે મારી દશેરાની જુદી જુદી યાદો જોડાયેલી છે. પહેલાં હૈદરાબાદની વાત કરું જ્યાં મારો જન્મ અને ઉછેર થયો. અમે દશેરાએ ઓલ્ડ સિટીમાં ભરાતા એક વિશાલ મેળામાં જતા, જ્યાં રાવણના પૂતળાનું દહન થતું. મેળામાં મહેરામણ ઉમટતો અને હું મારા પિતાના ખભા પર બેસીને રાવણને ભડભળ બળતા જોતો. એ બધુ મારા મગજમાં જડાઈ ગયું છે. મારા બીજા સંસ્મરણો રાજસ્થાન સાથે જોડાયેલા છે, જ્યાં હું મારા દાદીમા સાથે થોડા વરસ રહ્યો. એ વખતે રાજસ્થાનમાં રામલીલા બહુ સરસ રીતે ભજવતી.'

હિન્દી સિનેમામાં સજ્જન અને દુષ્ટ બન્ને પ્રકારના કેરેક્ટર્સ (પાત્રો)માં પોતાની અમિટ છાપ છોડવા માટે જાણીતો વર્મા બોલીવુડનો ન્યુએજ (નવા જમાના)નો એક્ટર છે.

એના પોતાના મૌલિક વિચારો છે, ફિલ્સૂફી છે. દશેરાનો સદીઓ જૂનો થીમ બુરાઈ પર અચ્છાઈના વિજયનો છે. પરંતુ વર્સોટાઈલ સ્વભાવને હંમેશાં બ્લેક એન્ડ વ્હાઈટ એટલે કે સારા અને ખરાબમાં વહેંચી ન શકાય. તમે લોકોની ઘણીબધી વાતો સાથે સંમત ન થતા હો અને અમુક વ્યક્તિઓ બહુ ખોટું પણ કરતી હોય, પરંતુ એક કલાકાર તરીકે મારું કામ ખરાબ ગણીને કોરાણે મૂકી દેવાયેલા લોકોમાં ઊંડા ઉતરીને એમના વિશે જાણવાનું છે. વિવિધ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતા લોકોનું (પડદા પર) નિરૂપણ ન થાય તો એમના વિશેની આપણી સમજ સીમિત બની જાય છે, એમ વર્માજી કહે છે.

આ વરસે વેબ સિરીઝ 'મટકા કિંગ'માં એક ઈમાનદાર જુગારીનો રોલ કરીને વિજયે એક નોખીભાત પાડી. એનું પરફોર્મન્સ શોની હાઈલાઈટ બની ગયું. ગરીબ મિલ મજૂરોને મટકાના જુગારના રવાડે ચઢાવનાર વ્યક્તિનો રોલ કરવા સંબંધમાં પોતાની કેફિયત આપતા વર્મા કહે છે, 'ખરું પૂછો તો વિખવાદ અથવા ઘર્ષણમાં જ મોટો ડ્રામા હોય છે અને એમાં ગ્રે શેડ્સ હોવા જરૂરી છે. એમને વ્હાઈટ (સારા) અને બ્લેક (નરસા) બન્નેને સમજવામાં મદદરૂપ થાય છે. પાત્રમાં કોઈ પણ પ્રકારનો દોષ હોય તો એ મને એને સમજવાની એક તક પૂરી પાડે છે. સાચું કહું તો હું કોઈ ખામી વિનાની વ્યક્તિને સમજી જ નથી શકતો. મારું કામ માનવ સ્વભાવની જટિલતાઓ પર પ્રકાશ પાડીને જુદા જુદા પાત્રોનું નિરૂપણ કરવાનું છે, જેથી કરીને દર્શકોને સ્ટોરીમાં રુચિ જાગે.'

પોતાના ભાગે અટવાતો પ્રત્યેક રોલ એને એના સંકોચ અને પૂર્વગ્રહોનો મુકાબલો કરવાની શક્તિ આપે છે. એવું દ્રઢપણે માનતો અભિનેતા મટકા કિંગનો દાખલો આપતા કહે છે કે ભ્રષ્ટ તંત્રમાં એ માણસની ઈમાનદારીએ મંત્રમુગ્ધ કરી દીધો. આમ તો દરેક પાત્ર મને મારા અંગત પૂર્વગ્રહો તોકવાની ફરજ પાડે છે. મટકા કિંગમાં મને એક એવા માણસનો રોલ મળ્યો જેની ઓનેસ્ટી (ઈમાનદારી) જ એનો સુપર પાવર હતી. એક એવી સિસ્ટમમાં જ્યાં લોકો ખરીદાય છે અને વેચાય છે, એક ઈમાનદાર વ્યક્તિ (બધા માટે) ખતરનાક બની જાય છે.

પોતાને નડેલા પર્સનલ અને પ્રોફેશનલ અવરોધોની વાત કરતા વિજય વર્મા કહે છે કે આત્મ-શંકા અને નિષ્ફળતાઓમાંથી બેઠા થવાનો પાર્થ પાઠ મારી યાત્રાનો એક મહત્ત્વનો ભાગ બની રહ્યો છે. વરસો મેં કોઈ પ્રકારની સફળતા, માન્યતા, પૈસા કે કામ વિના ગાળ્યા છે. ભાવિ બિલ્કુલ અનિશ્ચિત હતું એ વખતે સૌથી મોટો પડકાર આશા રાખીને અને હિંમત હાર્યા વિના પુરુષાર્થ કરતા રહેવાનો હતો. નિષ્ફળતાઓ ભલે આપણને ઊંડી ખીણમાં ધકેલી દે, પણ એ આપણને આપણી તાકાતને ફરીથી ઓળખી પોતાને સુધારવાના કામમાં મદદરૂપ પણ થાય છે. અંતે તો આપણો ન્યાસંગ પોતાને વધુ નિપુણ બનાવવાનો છે.

વિજયે પોતાના કરીઅરના થોડા વરસોમાં જ બહુવિધ પાત્રો ભજવી બતાવ્યા છે, ઝોયા અખતરની ફિલ્મ 'ગલી બોય'નો ડ્રગ પેડલર મોઈન, 'ડાર્લિંગ્સ'નો ઝુલમી પતિ હમઝા અને 'દહાડ'નો છુપો રુસ્તમ સિરીયલ કિલર આનંદ સ્વર્ણકાર. વર્માએ ભજવેલા આ બધા પાત્રો હિન્દી ફિલ્મોના હીરોથી સાવ જુદા અને અવગુણોથી ભરેલા છે. છતાં દર્શકોને એ બહુ ગમ્યા. આ બધુ જોતા વિજય એવું માને છે કે પોતે હિન્દી ફિલ્મોના નાયકની વ્યાખ્યા બદલવા બહાર પડેલા નવી પેઢીના એક્ટરોનો આગેવાન છે? એનો એક્ટર પાસે એક્શન સ્પષ્ટ જવાબ છે, 'મને તો એવું લાગે છે કે હું એક નવા જ બોલીવૂડનો ચહેરો છું કારણ કે પહેલા જેવી ટ્રેડિશનલ ફિલ્મો હવે બનતી નથી.

હવે તો કોઈ નવા યુવાન સ્ટાર્સને લઈને પણ એવી ફિલ્મો નથી બનાવતું. 'જાને તુ... યા જાને જા' અથવા શાહિદ કપૂર પોતાની કરીઅરની શરૂઆતમાં જેની ફિલ્મો કરતો એવી મુવીજ આજે ક્યાં બને છે? ઈન, શોર્ટ, એક બદલાવ આવ્યો છે. હું પોતાને એ દ્રષ્ટિએ નસીબદાર ગણું છું કે મને જે પ્રકારની ફિલ્મો પસંદ છે એવી જ ફિલ્મો આજે બની રહી છે.'■

SOCIAL સર્કલ

વરૂણ ધવનઃ ગુલાબી આંખે....



સાચ્ચે, *પિન્ક કલરની ચડ્ડી પહેરવા માટે હિંમત જોઈએ! એમાંય, પિન્ક ચડ્ડી પહેરેલો ફોટો સોશિયલ મિડીયા પર શેર કરવા માટે તો એના કરતાંય વધારે હિંમત જોઈએ! અલબત્ત, જો તમારી પાસે વરૂણ ધવન જેવું કસાયેલું શરીર અને ચાર્મિંગ પર્સનાલિટી હોય તો આ પ્રકારની હિંમત આપોઆપ આવી જતી હોય છે. તો, ગુલાબી ચડ્ડી પહેરેલો વરૂણ ધવન ક્યાં દ્રષ્ટિગોચર થયો હતો? માલદીવ્ઝમાં, અફ કોર્સ. માલદીવ્ઝ આપણા ફિલ્મી સેલિબ્રિટીઓનું ફેવરિટ દેશી ડેસ્ટિનેશન બની ગયું છે. એમ પણ કહી શકાય કે, માલદીવ્ઝ ઈઝ અ ન્યુ ગોવા! વરૂણ અહીં વચ્ચે સપરિવાર રજાઓ માણી આવ્યો. અહીં એણે ખૂબ ખાધું-પીધું ને સર્ફિંગ પણ કર્યું. શું પિન્ક ચડ્ડી ધારણ કરીને એણે 'ધ સ્કાય ઈઝ પિન્ક' ફિલ્મ પણ જોઈ હતી અને સર્ફિંગ કરતાં કરતાં 'ગુલાબી આંખે જો તેરી દેખી...' ગીત પણ ગણગણ્યું હતું? વેલ, આ સવાલનો જવાબ તો વરૂણ જ આપી શકશે.*

શ્રેયા ઘોષાલઃ પંખી બની ઉડતી ફિરું...



હરવાફરવાની *જ વાત ચાલી રહે છે તો ભેગાભેગી શ્રેયા ઘોષાલના મિની વેકેશનની વાત પણ કરી લઈએ. એ હમણાં પોતાના ફેમિલી સાથે મહારાષ્ટ્રમાં આવેલા તાડોબા-અંધારી ટાઈગર રિઝર્વમાં ફરી આવી. એણે આંખે બાઈનોક્યુલર માંડીન ટાઈગરની સાથે સાથે કંઈકેટલાંય અદ્ભુત પક્ષીઓ પણ જોયાં. આજની તારીખે શ્રેયા ભારતની શ્રેષ્ઠતમ પ્લેબેક સિંગર ગણાય છે. સાચ્ચે, શ્રેયાનું નસીબ પણ શ્રેષ્ઠ છે. નાની ઉંમરથી એણે સતત સફળતા જોઈ છે. પોતાના ચાઈલ્ડહૂડ સ્વીટહાર્ટ સાથે લગ્ન કરીને અને એક મીઠડા દીકરાની મા બનીને એણે પોતાની પર્સનલ લાઈફ પણ સુખથી તર-બ-તર રાખી છે. શ્રેયાનો પતિદેવ શિલાદિત્ય મુખોપાધ્યાય હાઈપ્રોફાઈલ કોર્પોરેટ એક્ઝિક્યુટિવ છે. એ ટૂકોલર કંપનીના ગ્લોબલ હેડ ઓફ બિઝનેસ તરીકે કાર્યરત છે. સરસ!*

અથ શ્રી મહાભારત કથા



સાચ્ચે, *થ્રીડી આઈમેક્સ ફોર્મેટમાં 'રામાયણ' પાર્ટ વન જોઈને ઓડિયન્સ એવું અભિભૂત થઈ ગયું છે કે વાત ન પૂછો. થ્રીડી આઈમેક્સ જ શું કામ, સાદા ટુડીમાં પણ ફિલ્મ અફલાતૂન લાગે છે. એવુંય નથી કે ફિલ્મમાં ફક્ત વીએફએક્સની રમઝટ છે. 'રામાયણ'માં ઈમોશનલ પન્ચ પણ જોરદાર છે. ફિલ્મમાંથી વાંધાવચકા કાઢનારા વાંકદેખાઓની સદંતર અવગણના કરજો, પ્લીઝ. સુનને મેં આયા હૈ કિ સ્ક્રીન પર (અને બોક્સ ઓફિસ પર) 'રામાયણ'નું રિઝલ્ટ જોઈને એસ.એસ. રાજામૌલિને હવે આવી જ ભવ્યતા સાથે 'મહાભારત' બનાવવાની ચટપટી ઉપડી છે. 'રામાયણ'ના મેકર નમિત મલ્હોત્રાએ તો કહી દીધું છે કે રાજામૌલિ સાથે કામ કરવાનું મારું સપનું છે. આહા, રાજામૌલિ, નમિત મલ્હોત્રા અને મહાભારતનું કોમ્બિનેશન કેવું ગજબનાક પૂરવાર થશે તેની કલ્પના માત્રથી જ રૂંવાડાં ખડાં થઈ જાય છે. ટચવુડ!*

શોરા અને નવાઝુદ્દીન સિદ્દિકી પોતપોતાની પેઢીઓની વાત હળવે હૈયે કરે છે



નવું શું છે?

■ ભુવન બામના ચાહકો માટે ગુડ ન્યુઝ છે. એમની પોપ્યુલર ડ્રામા-સિરીઝ 'ઢિંઢોરા'ની બીજી સિઝન આવી પહોંચી છે. ભુવનની સુપરહિટ યુટ્યુબ ચેનલ 'બીબી કી વાઈન્સ'નાં પાત્રો આ શોમાં પણ દેખાશે. ટિટુમામાને ૧૧ કરોડ રૂપિયાનું ભયંકર નુક્સાન થઈ ગયું છે. એની ભરપાઈ કેવી રીતે કરવી? પોતાના સાસરિયાઓની યેન કેન પ્રકારણે મદદ લઈને! આ સિરીઝનું આજથી જ નેટફ્લિક્સ પર સ્ટ્રીમિંગ શરૂ થયું છે.

■ 'ધ બ્લુ રોડ' એક કોરીઅન-જપાનીઝ ક્રાઈમ થ્રિલર સિરીઝ છે, જેના કેન્દ્રમાં બે રિટેક્ટિવ્ઝ છે - એક કોરીઅન, એક જપાની. બન્ને દેશોમાં હત્યાઓનો સિલસિલો ચાલ્યો છે અને આ બન્ને જણા કોઈ પણ ભોગે તે અટકાવવા માગે છે. આ શો તમે નેટફ્લિક્સ પર જોઈ શકો છો.

■ 'હાઈકુ' - આ છે એક તાજી તમિલ ફિલ્મનું ટાઈટલ. માનો નામનો એક જુવાનિયો છે. પોતાની ગર્લફ્રેન્ડ માટે એ ખૂબ પઝેસિવ હતો, જેના કારણે એની રિલેશનશિપ ટકી નહીં. વર્ષો પછી એના જીવનમાં બીજી યુવતી આવે છે, જેનું નામ છે નિવી. એ પણ પોતાની પહેલી રિલેશનશિપથી ઘવાયેલી છે. આ ફિલ્મ તમે નેટફ્લિક્સ પર જોઈ શકો છો.

■ જો તમને કોલેજ કેમ્પસની કથાઓમાં મોજ પડતી હશે તો 'કેમ્પસ ડાયરીઝ'ની સિઝન-ટુમાં જરૂર રસ પડશે. હર્ષ બેનિવાલ, રિત્વિક સહોરે, સલોની ગૌર, સૃષ્ટિ ગાંગુલી, સલોની પટેલ અને અભિનવ શર્માને ચમકાવતા આ શોમાં સંબંધોનાં બદલાતાં જતાં સમીકરણો, બ્રેકઅપ્સ અને ચડસાચડસીની વાત છે. આ શો તમે એમેઝોન એમએક્સ પ્લેયર પર જોઈ શકો છો.



હિન્દી ફિલ્મ જગતમાં એકટર તરીકે એકડે એકથી શરૂ કરી પોતાની પ્રતિભાના જોરે દેશ-વિદેશમાં પોતાની અભિનય ક્ષમતા માટે જાણીતાં નવાઝુદ્દીન સિદ્દિકી આજે પોતાની સોળ વર્ષની યુવાન પુત્રી શોરાને એક્ટિંગની દુનિયામાં પાપા પગલી ભરાવી રહ્યા છે. બાપ-દીકરી તેમની મહત્વાકાંક્ષાઓ અને જનરેશન ગેપ વિશે માંડીને વાત કરે છે. શોરા માને છે કે જેન-ઝીની સૌથી મોટી તાકાત બોલી બતાવવાની છે, પણ બોલીને પોતાની વાત રજૂ કરવાની સાદી બાબતનું અનાદર કે બળવાખોરી તરીકે ખોટું અર્થઘટન શા માટે કરવામાં આવે છે તેની મને તાજુબી થાય છે. તમારી વાતને રજૂ કરવામાં ખોટું શું છે? તમારો અભિપ્રાય વ્યક્ત કરવો એનો અર્થ સામો જવાબ આપવો એવો થતો નથી. ચૂપચાપ આદેશ માની લેવા કે જે કહેવાય તેને અનુમોદન આપવાનું કારણ ઘણીવાર ભય હોય છે,આદર નહીં.

શોરાના આ આત્મવિશ્વાસની ઈર્ષ્યા કરતાં નવાઝુદ્દીન કહે છે, સોળમા વર્ષે તો અમને ક્યાં કપડાં પહેરવા તેનું પણ ભાન પડતું નહોતું. જ્યારે સોળ વર્ષની શોરાને કેમેરા પર કયુ પ્રોફાઈલ સારું લાગે તેની બરાબર સમજ છે. કાશ, હમ ભી ખુલ કે બાત કર પાતે અપને વડીલો સેં. અમને પણ તે જે રીતે તેની ભાવનાઓ માતાપિતા અને વડીલો સમક્ષ વ્યક્ત કરી શકે છે તેવી સ્વતંત્રતા પણ અમને મળી હોત. મને આ બાબતનો સૌથી મોટો અફસોસ છે. જ્યારે ઓથોરિટીને સવાલ કરવાની વાત આવે ત્યારે બે પેઢીઓ વચ્ચેનો ફરક અલગ તરી આવે છે. સ્ટુડન્ટ્સ પ્રોટેસ્ટ જ જુઓ. આ બાળકો અમારા મૌન અને નિષ્ક્રિયતાની કિંમત ચૂકવી રહ્યા છે. જો કોઈ અમારી સાથે ગેરવર્તન કરે કે અનાદર કરે તો અમે સાંભળી લેતાં હતા બોલતાં ડરતાં હતા. આ પેઢી દરેક બાબતે સવાલ કરે છે. તેમને કશું ખોટું થતું હોય તો વળતો જવાબ આપવામાં કે પોતાની વાત રજૂ કરવામાં કશું ખોટું લાગતું નથી. મને તેમની આ વાત પ્રેરણાદાયક લાગે છે. મને સતત લાગ્યા કરતું કે મારા વડીલો મારા કરતાં વધારે જાણે છે. હવે યુવાનો વધારે જાણે છે. હમ બીચ મેં ફસ ગયે હૈ.

'જેન-ઝી કો લાઈફ જીની હૈ, હમ લોગ તો સિર્ફ મહેનત કર કે રહ ગયે. આપણે એમ માનીએ છીએ કે જેન-ઝી મસ્ત મૌલા છે, પણ એમની કામ કરવાની આગવી શૈલી છે...'

શોરા તેના પિતાની વાત કરતાં કહે છે, હું તેમની પાસેથી શીખવા માંગુ છું. પણ હું એમપણ ઈચ્છા રાખું છું કે તે મારી વાત વધારે સાંભળે. જ્યારે હું મારી વાત કરતી હોઉં ત્યારે તેઓ તું બહુ મુશ્કેલ સવાલો કરે છે કહી મારી વાત ઉડાડી ન નાંખે. પહેલાં મારી વાત સાંભળો હું પણ તેમના જેટલી જ સારી એક્ટર બનવા માંગું છું. મારે ફિલ્મ પણ બનાવવી છે.

નવાઝુદ્દીન પોતાની પુત્રી શોરા પાસેથી શીખવા મળેલાં સૌથી મોટા પાઠ બાબતે કહે છે, તે પોતાની મહત્વાકાંક્ષા બાબતે નિશ્ચિત છે. વળી તે પોતાના જીવનને માણવામાં પણ માને છે. જેન-ઝી કો લાઈફ જીની હૈ, હમ લોગ તો સિર્ફ મહેનત કર કે રહ ગયે. તમારે પોતાની કદર કરાવવા માટે દુઃખી થવાની જરૂર નથી. મારા સંઘર્ષથી હું મજબૂત બન્યો છું.

શોરા લવ વિશે પોતાની વાત કરતાં કહે છે, કોઈ તમને પ્રેમ કરી તમને સંપૂર્ણ બનાવે તેની તમે રાહ જોતાં રહો તે બરાબર નથી. હું સોલમેટની વાતોમાં માનતી નથી. આજે જ્યારે સંબંધો છાશવારે તુટી રહ્યા છે ત્યારે કોઈ કાયમ માટે તમારી સાથે રહે તેવી અપેક્ષા રાખવી અવ્યવહારૂ લાગે છે. વળી, તમે ડેટિંગ એપ પર જઈ પ્રેમ ખરીદી શકતાં નથી. બહાર જાવ અને લોકોને મળો, બ્રો.

નવાઝુદ્દીન કહે છે, આપણે એમ માનીએ છીએ કે જેન-ઝી મસ્ત મૌલા છે. પણ એમની કામ કરવાની આગવી શૈલી છે, જેના કારણે તેઓ બેજવાબદાર બની જતાં હોય તેવું નથી.

વેલકમ ટુ ટિન્સેલ ટાઉન, શોરા સિદ્દિકી!■

